૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૧ * અંક-૭ * માર્ચ, ૨૦૧૭



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેમની ધ્યાનરૂપી અગ્નિમાં સંશય, વિમોહ અને વિભ્રમ એ ત્રણે વૃક્ષ બળી ગયા છે, જેમની સુદૃષ્ટિ આગળ ઉદયરૂપી કૂતરાં ભસતાં ભસતાં ભાગી જાય છે, તેઓ જ્ઞાનરૂપી હાથી ઉપર બેઠેલાં છે. તેથી કર્મરૂપી ધૂળ તેમના સુધી પહોંચતી નથી. જેમના વિચારોમાં શાસ્ત્રજ્ઞાનની લહેરો ઊઠે છે, જે સિદ્ધાંતમાં પ્રવીણ છે, જે આધ્યાત્મિક વિદ્યાના પારગામી છે, તેઓ જ મોક્ષમાર્ગી છે—તેઓ જ પવિત્ર છે, સદા આત્મ–અનુભવનો રસ દૃઢ કરે છે અને આત્મ–અનુભવનો જ પાઠ ભણે છે. ૧૬૦૧. *(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મોક્ષ દ્વાર, પદ-૩૧)*

● જો અજ્ઞાની જીવ ઈન્દ્રિયોંકે ઈચ્છારૂપી રોગોંકા ઉપાય હી નિશ્ચયસે કરતા રહતા હૈ ઔર ઉસીકો સુખ માનતા હૈ ઈસસે બઢકર દુઃખકી બાત ઔર ક્યા હો સકતી હૈ ? ૧૬૦૨. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, ગાથા-૮૨)*

● જો વિષયજન્ય દોષ દેવોંકો દુઃખ દેતે હૈં ઉનકે રહને પર ભલા સાધારણ મનુષ્ય કૈસે સુખ પ્રાપ્ત કર સકતે હૈં ? નહીં પ્રાપ્ત કર સકતે. ઠીક હૈ–જિસ સિંહકે દ્વારા ઝરતે હુએ મદસે મલિન ગંડસ્થલવાલા અર્થાત્ મદોન્મત્ત હાથી ભી કષ્ટકો પ્રાપ્ત હોતા હૈ વહ પૈરોંકે નીચે પડે હુએ મૃગકો છોડેગા ક્યા ? અર્થાત્ નહીં છોડેગા. ૧૬૦૩. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૪)*

● જો કોઈ નિર્જન સ્થાનમાં મારો નિવાસ હોય, સદા દિશા સમૂહ જ મારું વસ્ત્ર બની જાય અર્થાત મારી પાસે કાંઈપણ પરિગ્રહ ન રહે, સંતોષ જ મારું ઉન્નત ધન થઈ જાય, ક્ષમા જ મારી પ્યારી સ્ત્રી બની જાય, એક માત્ર તપ જ મારો વ્યાપાર બની જાય, બધાં જ પ્રાણીઓ સાથે મૈત્રીભાવ થઈ જાય તથા જો હું સદાય એક માત્ર તત્ત્વવિચારથી ઉત્પન્ન થનાર સુખનો અનુભવ કરવા લાગું, તો પછી અતિશય શાંતિને પ્રાપ્ત થયેલ મારી પાસે બધું જ છે, એવી અવસ્થામાં મને બીજાઓનું કાંઈપણ પ્રયોજન નથી રહેતું. ૧૬૦૪.

*(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, યતિભાવનાષ્ટક, શ્લોક-૪)*

● સ્યાદ્વાદ વડે પ્રદીપ્ત કરવામાં આવેલું લસલસતું (ઝગમગાટ કરતું) જેનું તેજ છે અને જેમાં શુદ્ધસ્વભાવરૂપ મહિમા છે એવો આ પ્રકાશ જ્યાં મારામાં ઉદય પામ્યો છે, ત્યાં બંધ-મોક્ષના માર્ગમાં પડનારા અન્ય ભાવોથી મારે શું પ્રયોજન છે ? નિત્ય જેનો ઉદય રહે છે એવો કેવળ આ (અનંત ચતુષ્ટયરૂપ) સ્વભાવ જ મને સ્ફુરાયમાન હો. ૧૬૦૫. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, શ્લોક–૨૬૯)*

વર્ષ–૧૧
અંક–૭




વિ. સંવત
૨૦૭૩
March
A.D. 2017



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
શ્રીમુખેથી વિવિધ પ્રસંગે વહેલા

# તત્ત્વબોધક વચનામૃત

## ઊંડા દ્રઢ સંસ્કાર નાખે તો ભાવિમાં કાર્યકારી થયા વગર રહે જ નહિ

પોતાના ઊંડા સંસ્કાર હોય તો ભાવિમાં કાર્યકારી થાય. પોતે કારણ યથાર્થ આપ્યું હોય તો કાર્ય થાય જ, પણ કારણ ઉપર ઉપરથી આપે તો કાર્ય ન થાય. પોતે અંદરથી આ કરવું જ છે, આ કર્યે જ છૂટકો છે, એવા ઊંડા દ્રઢ સંસ્કાર નાખે તો ભાવિમાં કાર્યકારી થયા વગર રહે જ નહિ. જો તેને યથાર્થ દેશના ગ્રહણ થઈ હોય તો ગમે ત્યારે અંદરથી પલટો ખાધા વગર રહેતો જ નથી. કોઈને વહેલું થાય ને કોઈને મોડું થાય, પણ તેને અનંતકાળ ન હોય. જેને ઊંડી રુચિ થઈ તેને કાળ મર્યાદિત થઈ જાય છે, સંસાર પરિત થઈ જાય છે.

## જ્ઞાયક પોતે જ છે

મૂળ તળ હાથમાં આવી જાય તો બધું સહેલું છે, બધા વિભાવભાવ ઉપર ઉપર તરે છે, તેથી મૂળ આત્માને જાણે કે હું અધિક (બધાથી જુદો) જ્ઞાયક છું. જ્ઞાયક પોતે જ છે, બીજો નથી કે જેથી તેને (જાણવું) દુષ્કર પડે. પોતે પોતાથી પોતાને ભૂલ્યો છે તો હવે પોતા તરફ પરિણતિ વળે તો મલિનતા છૂટી જાય અને ભેદજ્ઞાન થાય.

## અંદરથી આત્માની મીઠાશ અને તેની જરૂરિયાત લાગે તો પુરુષાર્થ થાય

આત્મા બધાથી જુદો કોઈ અપૂર્વ છે એમ આત્માને ઓળખે તો ભવનો અંત થાય. ગુરુદેવે જ્ઞાયકને ઓળખવાનો માર્ગ બતાવ્યો છે તેને ઓળખે તો ભવનો અંત થાય. આત્માની મીઠાશ લાગવી જોઈએ. અંદરથી આત્માની મીઠાશ અને તેની જરૂરિયાત લાગે

તો પુરુષાર્થ થાય. આત્માની મીઠાશ લાગતી નથી, અને બહારની મીઠાશ લાગે છે તો બહારનું મળે છે. અને જો આત્માની મીઠાશ લાગે છે તો આત્મા મળે છે. આત્માની મીઠાશ લાગતી નથી તો આત્મા ક્યાંથી મળે ? તેને અંતરથી આત્માની અપૂર્વતા લાગવી જોઈએ. જેમ ભગવાન કોઈ જુદા છે તેમ મારો આત્મા ભગવાન જેવો છે—આમ ઓળખે તો આગળ જવાય.

## પહેલાં નિર્ણય બુદ્ધિપૂર્વક થાય છે

પહેલાં નિર્ણય બુદ્ધિપૂર્વક થાય છે. તેને અંતરમાંથી એવી શ્રદ્ધા (-વિશ્વાસ) આવી જાય છે કે આ હું જ્ઞાયક છું. અને આ જ્ઞાયકને ગ્રહણ કરી તેમાં તીવ્રતા-ઉગ્રતા કરવાથી અવશ્ય આગળ જવાશે એવો નિર્ણય તેને આવી જાય છે. જ્ઞાયકના મૂળમાંથી સ્વભાવ ગ્રહણ થાય છે કે જ્ઞાયક આ જ છે, આ વિભાવ છે; આ પર છે, આ સ્વભાવ છે અને તે સ્વભાવને ગ્રહણ કરવાથી અંતરમાંથી શાંતિ અને આનંદ આવશે. આ જ્ઞાયકને જ ગ્રહણ કરવાનો છે, તેના પુરુષાર્થને ઉગ્ર કરવાથી અવશ્ય આમાંથી સ્વાનુભૂતિ પ્રગટ થશે એવો જોરદાર નિર્ણય પ્રથમ હોય છે અને સ્વાનુભૂતિ પછી ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે. પહેલાં નિર્ણય હોય છે, પણ ભેદજ્ઞાનની સહજ ધારા હોતી નથી. તેને જ્ઞાયક ગ્રહણ થાય અને છૂટી પણ જાય, પુરુષાર્થની એવી તીવ્રતા-મંદતા થયા કરે. પણ નિર્ણય જોરદાર હોય છે કે આવી જાતનો પુરુષાર્થ કરવાથી—આ જ્ઞાયકની ઉગ્રતા કરવાથી—અવશ્ય માર્ગે જવાશે.

સ્વાનુભૂતિ પછી તેને જ્ઞાયકની ધારા સહજ જોરદાર રહે છે. ક્ષણે ક્ષણે ગમે ત્યાં ઉપયોગ બહાર જાય તથા અનેક જાતના વિભાવના વિકલ્પ આવે, તોપણ જ્ઞાયકની ધારા વર્તે છે, જ્ઞાયક ક્ષણે ને ક્ષણે જુદો ને જુદો રહે છે. બહારથી ગમે તે કાર્ય થતું હોય અને અંતરમાં ગમે તે વિકલ્પ આવતા હોય તો પણ જ્ઞાયક તેનાથી ન્યારો અને ન્યારો રહે છે, જ્ઞાયકધારાની પરિણતિ જુદી જ રહે છે. ખાતાં-પીતાં, હાલતાં-ચાલતાં, સૂતાં-જાગતાં, એમ કોઈ પણ કાર્યમાં નિરંતર ભેદજ્ઞાનની ધારા રહે છે. તે ભેગો થતો જ નથી એવી સહજ ધારા રહે છે. મુમુક્ષુને પહેલાં તો માત્ર નિર્ણય હોય છે, સહજ ધારા હોતી નથી, પણ નિર્ણય એવો હોય છે કે આ જ્ઞાયકને ગ્રહણ કરવાથી અને તેની ઉગ્રતા કરવાથી અર્થાત્ ભેદજ્ઞાન કરવાથી અવશ્ય સ્વાનુભૂતિ થશે. તેની ભેદજ્ઞાનધારા ટકતી નથી કારણ કે સહજ નથી, છતાં તેની ઉગ્રતા કરતાં કરતાં સ્વાનુભૂતિ થશે એવો નિર્ણય છે.

## શ્રદ્ધાનું બળ બરાબર રાખે તો આગળ જવાશે

આત્માના હેતુએ (બ્રહ્મચર્યની) પ્રતિજ્ઞા લીધી છે તે સારી વાત છે. તેમાં હવે આગળ વધવાનું છે. જે જિજ્ઞાસુ હોય તેની ભાવના કાંઈ નિષ્ફળ થોડી જવાની છે ? ફળવાની છે. પોતાના આત્માના ધ્યેયે પ્રતિજ્ઞા લીધી છે તેમાં સમ્યગ્દર્શનનો પુરુષાર્થ થાય

તે સારી વાત છે—નહિ તો ઊંડાં સંસ્કાર પડે તે પણ લાભનું કારણ છે. શાસ્ત્રમાં આવે છે કે કરી શકે તો ધ્યાનમય પ્રતિક્રમણ કરજે અને ન બની શકે તો કર્તવ્ય છે કે શ્રદ્ધા કરજે, શ્રદ્ધામાં ફેરફાર કરીશ નહિ. શ્રદ્ધાનું બળ બરાબર રાખે તો આગળ જવાશે. જ્ઞાયકના માર્ગ સિવાય બીજો કોઈ માર્ગ નથી. ક્રિયાકાંડનો કોઈ માર્ગ નથી, માર્ગ અંતરનો છે. જ્ઞાયકની શ્રદ્ધા કરવી, ભેદજ્ઞાન કરવું, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી એટલે કે શરીર અને વિકલ્પથી પોતાનો સ્વભાવ જુદો છે, એમ જ્ઞાયકને તારવી લેવો. તે એક જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. બધા વિભાવથી પોતે જુદો છે, વિભાવ પોતાનો સ્વભાવ જ નથી એમ ભેદજ્ઞાનની નિરંતર ધારા કરવા જેવી છે. દેવ-ગુરુએ જે બતાવ્યું છે તે કરવાનું છે. દેવ-ગુરુની શ્રદ્ધા અને આત્માની શ્રદ્ધા કરજે.

દેવ-ગુરુનું સાંન્નિધ્ય મળ્યું તે મહાભાગ્યની વાત છે. તેમની મહિમા કરવી ને જ્ઞાયકની મહિમા કરવી. જ્ઞાયક મહિમાવંત છે, તેના ઊંડા સંસ્કાર નાખજે. પરિણતિ પ્રગટ થાય તો સારી વાત છે, નહિ તો શ્રદ્ધા કર્તવ્ય છે. ગુરુદેવના પ્રતાપે આત્માનું કલ્યાણ કરવા (અહીં) બધા ભેગા થઈ ગયા છે.

આ ભવમાં બધી તૈયારી કરી લેવી અને પુરુષાર્થ કરવો. ગુરુદેવની દેશનાલબ્ધિ મળી છે તો એવાં ઊંડાં બીજડાં નાખવાં કે તરત ફાલી જાય.

## વસ્તુ ઉપર દૃષ્ટિ સ્થાપતાં પર્યાયમાં આત્મા રમતો પ્રગટ થાય છે

વસ્તુ ઉપર દૃષ્ટિ સ્થાપતાં પર્યાયમાં આત્મા રમતો પ્રગટ થાય છે. અનંતગુણસાગર આત્મા છે તે કોઈ જુદો જ છે, અદ્‌ભુત છે, ચમત્કારિક છે. સ્વાનુભૂતિમાં વિચારવું નથી પડતું કે ગોખવું નથી પડતું. પોતાના સ્વભાવમાં જ રમતો તે પ્રગટ થાય છે. કેમકે તે તેનો સ્વભાવ જ છે. તેનો રમ્ય–રમતો સ્વભાવ છે. વિકલ્પ છૂટતાં સહજ પ્રગટ થાય એવો જ તેનો સ્વભાવ છે. અનંતગુણ-પર્યાયમાં રમવું તે આત્માનો સહજ સ્વભાવ છે. મૂળ વસ્તુ પોતે પોતારૂપે રહીને પોતાના ગુણ-પર્યાયમાં રમે છે. તે તેનો સ્વભાવ જ છે.

---

જીવ પોતાની લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે. હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું, કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમ-પારિણામિકભાવ છું—એમ, સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે. પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે.

—બહેનશ્રીનાં વચનામૃત બોલ નં. ૩૧૮



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**સંતોના કોલકરાર : અમે જ્યારે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાઓ પણ સિદ્ધપણાને પામશે જ.**

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી સમયસારશાસ્ત્ર ઉપર સભામાં ઓગણીસમી વખત પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો થયા હતા. પહેલી ગાથા ઉપર અધ્યાત્મ ઘોલનની મસ્તીથી ખૂબ જ ભાવવાહી શૈલી દ્વારા શ્રી કુંદકુંદદેવના તથા શ્રી અમૃતચંદ્રદેવના ઊંડા ઊંડા ભાવોનું શ્રોતાઓને અમૃત પાન કરાવતાં આશીર્વચનરૂપે તેઓશ્રીએ ફરમાવ્યું કે આચાર્યદેવ એમ કહે છે કે જે અનંતા અનંતા સિદ્ધો થઈ ગયા તેને મારી અને શ્રોતાની પર્યાયમાં સ્થાપું છું. પ્રભુ ! મારી પર્યાયમાં આપ પધારો, મારી પર્યાય આપને પધરાવવા જેવી લાયક છે. અનંત સિદ્ધોને મારી ને તારી અલ્પજ્ઞ પર્યાય સંઘરી શકે એવી તાકાતવાળી છે. જેમ વાર-કવાર હોય ને આગળના શુભદિને પસ્તાનું મૂકે તેમ અત્યારે વાર-કવાર-પંચમકાળ હોવાથી અમે પર્યાયમાં અનંતા સિદ્ધોનું પસ્તાનું મૂક્યું છે તેથી અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. શ્રોતાઓમાં પણ અમે અનંતા સિદ્ધો સ્થાપીએ છીએ તેથી જ્યારે અમે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે જ—એમ આચાર્યદેવ શ્રોતાને આશીર્વચન કહે છે. આચાર્ય મહારાજ કહે છે કે તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું કે તું તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છો અને તું પણ તેમ જોઈ શકે છો. આહાહા ! કોણ જાણે આ ગાથામાં શું શું ભર્યું છે ! કહે છે કે અમે કેવળી પાસે જે સાક્ષાત્ સાંભળ્યું છે ને શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે તથા અમને અનુભવથી બેઠું છે એવું આ સમય પ્રાભૃત જેને કહીશ તે સિદ્ધપણું પામશે જ. તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે તેથી તું અલ્પજ્ઞપણે ને રાગપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ—એમ હે શ્રોતા ! તું નિઃસંદેહપણે જાણ. આહાહા ! જોર તો કેટલું છે ! સિદ્ધને હેઠે ઉતારે છે ! પ્રભુ ! તમે ઉપર અમે હેઠે. તમે જરી અહીં આવો, હું પછી તમારી પાસે આવીશ. પ્રભુ ! આપ મારી

**કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,**
**તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે! ૧૨૧. —શ્રી સમયસાર**

પર્યાયમાં પધારો, પછી જ્યાં તમે છો ત્યાં હું આવીશ. એ રીતે સિદ્ધોને પર્યાયમાં સ્થાપીને શુદ્ધાત્માને કહીશ તેથી તેને લક્ષમાં રાખીને અમારી વાત સાંભળજે—એમ આચાર્ય મહારાજ માંગલિકરૂપે પહેલી ગાથા કહે છે.

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી ભાષિત સમયપ્રાભૃત અહો ! ૧.**

અહીં ટીકામાં પ્રથમ શબ્દ 'अथ' મૂક્યો છે તે મંગળને અર્થે છે એટલે કે હવે સાધક ધર્મની શરૂઆત થાય છે. અનંતકાળથી જે સાધકસ્વરૂપનું ભાન નહોતું એવું સાધકપણું હવે શરૂ થાય છે. સાધકપણાની નવી શરૂઆત થાય છે તેનું નામ મોક્ષમાર્ગ છે અને તે જ માંગલિક છે. મૂળ પાઠમાં 'वंदितु सव्वसिद्धे' શબ્દ પડ્યો છે તેમાંથી અનંત સિદ્ધોને મારી પર્યાયમાં સ્થાપું છું ને શ્રોતાની પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપું છું એમ કહીને આદિ રહિત અનાદિના સિદ્ધો છે અને અનંતા સિદ્ધો છે તેમ સિદ્ધ કર્યું. જેમ આકાશના પ્રદેશનું શું માપ ? એ ક્ષેત્રની બેહદ મર્યાદાની શી વાત ? તેમ સંસારી અને સિદ્ધો અનાદિના છે. આકાશના ક્ષેત્રનું માપ જ ન આવે, અલોક અલોક અલોક છે તેમ સમુદાયપણે અનંતા સિદ્ધો પણ અનાદિના છે.

સિદ્ધ પણ એક નથી પણ અનંત સિદ્ધ છે. તે સર્વ સિદ્ધોને હું મારી પર્યાયમાં સ્થાપું છું. મારી જ્ઞાનની પર્યાયમાં આદર કરું છું. મારી જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે ને શ્રોતાની પણ જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે તે મને ખ્યાલમાં છે છતાં તે અલ્પજ્ઞ પર્યાયમાં અનંત સિદ્ધોને જાણવાની તાકાત છે તેથી જ્ઞાનની પર્યાયમાં અનંત સિદ્ધોને આદર કરું છું. એટલે વંદન કરું છું એટલે કે પોતાની પર્યાયમાં સ્થાપું છું. કેવી રીતે ?—કે ભાવસ્તુતિથી ને દ્રવ્યસ્તુતિથી સ્થાપું છું.

મારો આત્મા આરાધ્ય અને હું આરાધક, ત્રિકાળી વસ્તુ આરાધ્ય અને નિર્વિકલ્પ શાંતિ તે આરાધક એવી જે નિર્વિકલ્પ સમાધિ તે ભાવસ્તુતિ છે. ભાઈ ! આ સંસાર ભૂલી જાય, રાગ પણ ભૂલી જાય એવી વાત છે. કુંદકુંદાચાર્યદેવે 'वंदितु सव्वसिद्धे' શબ્દમાં જે ભાવ ભર્યો છે તેને હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્યદેવ બહાર કાઢે છે કેમકે જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાનની કળા ખીલી છે તે કળા બધાને કળી લે છે. સર્વ સિદ્ધો કહીને પરમાત્મા થતાં બધા એક જ આત્મા થઈ જાય છે તે વાતનો નિષેધ કર્યો છે.

**ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે! ૧૨૨.　　—શ્રી સમયસાર**

## પ્રભુ ! મારી પર્યાયમાં પધારો,
## મારી પર્યાય આપને પધરાવવા જેવી લાયક છે

સર્વ સિદ્ધોને એટલે સંખ્યાતીત અનંત એ બધા સિદ્ધોને મારી અલ્પજ્ઞ પર્યાયમાં એને રાખું છું. મારી પર્યાયની પેટીમાં અનંતા સિદ્ધોને પધરાવું છું. મારી અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સર્વ સિદ્ધોને બેસાડું છું. પ્રભુ ! મારી પર્યાયમાં પધારો, મારી પર્યાય આપને રાખવા જેવી લાયક છે. મારી અલ્પજ્ઞ પર્યાયની એટલી તાકાત છે કે અનંત સિદ્ધો છે તેને રાખી શકે. પરદ્રવ્ય–સિદ્ધો છે તેને એકલો દ્રવ્ય નમસ્કાર કર્યો છે તેમ નહીં પણ મારો ભાવ નમસ્કાર ભેગો છે. આરાધ્ય તે હું અને આરાધક પણ હું એવી ભાવસ્તુતિથી હું મારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપું છું, વંદન કરું છું.

અનંત સિદ્ધોને મારી અલ્પજ્ઞ પર્યાય સંઘરી શકે છે. અનંત સર્વજ્ઞોને કબુલે એવી મારી અલ્પજ્ઞ પર્યાયની તાકાત છે. હું ભાવસ્તુતિથી તો સિદ્ધોને સ્થાપું છું પણ વિકલ્પ દ્વારા પણ પર્યાયમાં તેમને સ્થાપું છું–એમ કુંદકુંદાચાર્યે જે ભાવ પાઠમાં ભર્યો છે તેને અમૃતચંદ્રાચાર્યદેવ સ્પષ્ટ તર્કથી ખોલે છે. ભાવસ્તુતિથી એટલે કે મારી પર્યાયમાં–નિર્વિકલ્પદશામાં તેમને સ્થાપું છું ને વિકલ્પની દશામાં પણ તેમને વંદન કરું છું એટલે કે વિકલ્પમાં પણ અનંતા સિદ્ધો છે તેમને સ્થાપું છું.

## વાર–કવાર (–પંચમકાળ) હોવાથી અમે પર્યાયમાં અનંતા સિદ્ધોનું પસ્તાનું મૂક્યું છે તેથી અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ.

અમે અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ હો ! અમે અનંતા સિદ્ધોનું પસ્તાનું પર્યાયમાં મૂક્યું છે તો અમે પણ ભવિષ્યમાં અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. અનંતા અનંતા અનંતા સિદ્ધોને નિર્વિકલ્પ દશા દ્વારા અને વિકલ્પ દ્વારા મારી અલ્પજ્ઞ પર્યાયમાં ને રાગમાં સ્થાપું છું. જ્ઞાનમાં તો જાણીને સ્થાપું છું ને રાગમાં વિકલ્પમાં બહુમાન લાવીને સ્થાપું છું કેમકે વિકલ્પ કાંઈ જાણતું નથી. એ રીતે ભાવ ને દ્રવ્યસ્તુતિથી પોતાનામાં અનંત સિદ્ધોને સ્થાપે છે. અને શ્રોતાની પર્યાયમાં પણ સ્થાપે છે. હજુ તો શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છે, ભલે અજ્ઞાની છે છતાં કહે કે શ્રોતા તરીકે સાંભળવા આવ્યો તો તારી પર્યાયની પણ અમને એટલી લાયકાત લાગે છે કે તારી પર્યાયમાં અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ અને તારા વિકલ્પ દ્વારા પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ. કેમ કે સ્વ અને પરમાં ભાવ અને દ્રવ્ય બન્નેથી સ્થાપે છે ને !                    (ક્રમશઃ) ✻

> જો ક્રોધ—પુદ્‌ગલકર્મ—જીવને પરિણમાવે ક્રોધમાં,
> ક્યમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે ? ૧૨૩.            –શ્રી સમયસાર




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૫-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૧૫
(ગાથા ૧૪)

પ્રશ્ન :—આંખ હોય તો દેખાય ને?

ઉત્તર :—આંખ તો જડ છે, આંખથી કાંઈ દેખાતું નથી. આંખથી દેખાય તો મડદાંને દેખાવું જોઈએ. પણ મડદાંને દેખાતું નથી કેમકે તેમાં આત્મા નથી; જોનારો તો આત્મા છે. અંદરના ચક્ષુદર્શનને આવરણ કરનાર કર્મનો પુરુષાર્થથી પોતે જેટલો ઉઘાડ કર્યો તેટલા મૂર્તિક પદાર્થોને પોતાની અવસ્થામાં ચક્ષુદર્શન દેખે છે. આત્મામાં પૂર્ણ કેવળદર્શન થયા પહેલાં જે ચક્ષુદર્શન (દેખવાની શક્તિ)ની એક અવસ્થા પ્રગટે છે તેને ચક્ષુદર્શનઉપયોગ કહે છે.

જેમ શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી શ્રુતજ્ઞાન સમસ્ત મૂર્ત-અમૂર્ત પદાર્થોને પરોક્ષ જાણે છે તેમ અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી અચક્ષુદર્શન સ્પર્શન-રસન-ઘ્રાણ અને શ્રોત્ર ઈન્દ્રિયદ્વારા પોતપોતાને યોગ્ય વિષયને સામાન્યપણે દેખે છે.

શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રનાં પાનાનું જ્ઞાન તે નહિ; પણ અંદર આત્મામાં જ્ઞાનની અરૂપી અવસ્થા તે શ્રુતજ્ઞાન છે. આત્મા અરૂપી વસ્તુ, તેનું બધું અરૂપી છે. કોઈ કહે કે આત્માને રૂપીઅરૂપી કહેવાય છે ને? તો રૂપ એટલે પોતે છે તે પોતાનું રૂપ છે. આત્મા પોતાના અસંખ્ય પ્રદેશાકારે છે તે પોતાના સ્વ-રૂપે છે અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણથી રહિત છે એ અપેક્ષાએ અરૂપી છે—આ રીતે તેને રૂપીઅરૂપી કહેવામાં આવે છે. અરૂપીપણું એ આત્માનું છે; આત્મામાં અરૂપી શ્રુતજ્ઞાન છે. અંદર એમ જણાય કે "હું શાંત છું, મારો સ્વભાવ નિર્મળ છે, જે પુણ્ય-પાપની વૃત્તિ ઊઠે તે વિકાર છે—મારું સ્વરૂપ નથી" એવું જે જ્ઞાન તે ભાવશ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાનાવરણ કર્મના ઉઘાડરૂપજ્ઞાનની અવસ્થા તે શ્રુતજ્ઞાન છે. ભગવાનની જે દ્વાદશાંગરૂપ વાણી નીકળી તે વાણીમાં કહેલી ચૌદ બ્રહ્માંડની મૂર્ત (સ્પર્શાદિવાળી) અને અમૂર્ત (ધર્માસ્તિ વગેરે) સર્વ વસ્તુઓને પરોક્ષ

> **અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે—તુજ બુદ્ધિ છે,**
> **તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં—મિથ્યા બને. ૧૨૪.** —શ્રી સમયસાર

રીતે તે શ્રુતજ્ઞાન જાણે છે, એવો અરૂપી શ્રુતજ્ઞાનવ્યાપાર આત્મામાં છે. શ્રુતજ્ઞાન એટલે શબ્દ કે પાનાં નહિ, પણ અંદર જે મન, વાણી, દેહથી પાર છે એવો જ્ઞાનસ્વભાવ—તેની શ્રુતઅવસ્થાના બળ દ્વારા (અંશે ઉઘાડ દ્વારા) પણ, વીતરાગે જે કહ્યું તે બધું પરોક્ષ રીતે શ્રુતજ્ઞાન જાણે છે. આ કોને કહેવાય છે ? કેવળી ભગવાનને કે મુનિને કહેતા નથી, પણ આત્માનો ધર્મ શું છે તે જાણીને જેને આત્માનું હિત કરવું હોય તેને કહેવાય છે. આ શ્રુતજ્ઞાન વચલી દશામાં આવે છે. જગતે માંડી જડથી અને ભગવાને માંડી અંદરથી. બધું નજરે જ દેખાય છે. 'ન દેખાય' એવો નિર્ણય કરનાર કોણ ? ચૈતન્યે નિર્ણય કર્યો કે જડ વસ્તુએ ? આત્માએ પોતે જ તે નિર્ણય કર્યો છે; તો નિર્ણય કર્યો તે પ્રત્યક્ષ કે પરોક્ષ ? પોતે નિર્ણય કર્યો તેમાં નિર્ણયની શંકા નથી; તે પ્રત્યક્ષ છે. નક્કી કરનાર જ પોતે અરૂપી જ્ઞાનસ્વરૂપ છે, જડને કાંઈ ખબર નથી. અજ્ઞાની વિચાર કરતો નથી કે આત્મા તે શું ચીજ છે ? આત્મતત્ત્વની ઓળખાણ એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. અંદર જ્ઞાનસ્વભાવનો ધરનાર આત્મા પોતે પોતાનો નિર્ણય કરે છે. મને મારો નિર્ણય હશે કે નહિ એવી શંકા તેને પડતી નથી. 'નથી દેખાતું' એમ કહ્યું કોણે ? ''મને મારો નિર્ણય થતો નથી'' એમ કહેનારે ''હું તો છું'' એમ સ્વીકારી લીધું છે. પોતે અરૂપી તત્ત્વ ત્રિકાળ છે પણ પોતાનો વિચાર ન મળે, એમને એમ ગાડાં જોડી દીધાં છે—પણ ક્યાં જવું તેની ખબર ન મળે! જુએ છે અને જાણે છે પોતે અને કહે કે મને મારી ખબર ન પડે ! આત્મા શું, તેનો સ્વભાવ શું એ જાણવાની દરકાર જ કરી નથી, પોતાનો નિર્ણય કર્યો નથી અને જડનાં અભિમાન કરવામાં જિંદગી કાઢી. આત્માની ઓળખાણ થવાથી આ શ્રુતજ્ઞાન ઢોરને અને નારકીને પણ હોઈ શકે છે; ભગવાન તીર્થંકરદેવની ધર્મસભામાં ઢોરો પણ ઉપદેશ સાંભળવા આવે છે અને આવો નિર્ણય કરીને સમ્યગ્દર્શન પામી જાય છે; અને જગતના સમસ્ત પદાર્થોનું સ્વરૂપ ભગવાનની વાણીદ્વારા કહેવાય છે તેનો અરૂપી આત્મામાં શ્રુતજ્ઞાનદ્વારા નિશ્ચય થાય છે. ભગવાને કહેલા દ્વાદશાંગમાં આવેલી મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુઓને શ્રુતજ્ઞાની જાણે છે; સમસ્ત કહેતાં પોતાનો આત્મા પણ ભેગો આવી જાય છે.

પ્રભુ! તારી મહિમાનો પાર નથી. આ તારા સ્વરૂપનાં ગાણાં ગવાય છે, પણ તને તારી ખબર નથી. પ્રભુ! તારી પ્રભુતા તો તારામાં ભરી છે, પણ દૃષ્ટિ બહારમાં છે તેથી પરની માંડી છે; પરમાંથી પુણ્ય-પાપનાં પડ નીકળે પણ તેમાં આત્માનો ધર્મ નથી.

**ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,**
**માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.** **–શ્રી સમયસાર**

ચૈતન્યમૂર્તિ આત્મામાં કાર્યદર્શનઉપયોગ છે તેનું વર્ણન ચાલે છે. પહેલાં મતિજ્ઞાન સાથે ચક્ષુદર્શનને મેળવ્યું અને શ્રુતજ્ઞાન સાથે અચક્ષુદર્શનને મેળવે છે. આત્મા અરૂપી વસ્તુ, તેમાં અનંતા ગુણો અને અનંતી પર્યાય તે બધાને પરોક્ષ રીતે શ્રુતજ્ઞાન જાણે છે. આ ચોથા ગુણસ્થાને હોય છે, સાતમી નરકના નારકીને પણ શ્રુતજ્ઞાન થઈ શકે છે. એક આત્મા જાણ્યો ત્યાં ચૌદ બ્રહ્માંડ જણાયા; મૂર્તિક-અમૂર્તિક સમસ્ત વસ્તુઓને પરોક્ષ રીતે જાણવાનો શ્રુતજ્ઞાનનો સ્વભાવ છે. જેમ શ્રુતજ્ઞાનદ્વારા પોતાના જ્ઞાનમાં 'આત્મા કોણ છે, શરીર શું છે' એ બધું જણાય છે; તેમ જે અચક્ષુદર્શન પ્રગટે છે, તે ચક્ષુ સિવાયની ચાર ઇન્દ્રિયોના વિષયોને સામાન્યરૂપ દેખે છે. અહીં ગંધ, રસ વગેરેને જાણવું તેની વાત નથી, જાણે તે તો જ્ઞાન છે; પણ 'આ ગંધ છે' એમ જાણતાં પહેલાં અંદર એ તરફના વલણનો એક દર્શનનો ઉપયોગ થાય છે તે અચક્ષુદર્શન છે. ચાર ઇન્દ્રિયના નિમિત્તથી દેખવાનો સામાન્ય સ્વભાવ તેને ભગવાન 'અરૂપી આત્માનો અચક્ષુદર્શનઉપયોગ' કહે છે. આત્મવસ્તુ અંદર કાયમી દર્શન-સત્ત્વથી ભરેલું તત્ત્વ છે. જેમ મીઠાનો ગાંગડો ખારાશથી ભરેલો છે તેમ આત્મા અરૂપી દ્રષ્ટા ગુણથી ભરેલું તત્ત્વ છે; જ્ઞાનનો ગાંગડો છે. સાડા ત્રણ હાથના દેહ પ્રમાણે અંદર દર્શન, જ્ઞાનાદિ ગુણનો પિંડ અરૂપી આત્મા છે. શરીરાદિ તો જડ છે, રૂપી વસ્તુ છે અને જ્ઞાનમૂર્તિ આત્મા તેનાથી જુદો છે. શરીર તે કાંઈ આત્મા નથી કે આત્માની સાથે રહે! બન્ને વસ્તુ ભિન્ન છે. અહો! ક્યાં ચૈતન્યતત્ત્વ આત્મા અને ક્યાં જડ શરીર? આત્માની ખબર ન મળે અને ધર્મ કરવો—એ વાત ક્યાંથી બને?

અચક્ષુદર્શન વર્તમાન પણ બધાને થઈ રહ્યું છે, પણ અજ્ઞાનીને તેની ખબર નથી. કોઈ પણ વસ્તુનું જ્ઞાન થવા પહેલાં તે તરફનો વલણવાળો અંતરવ્યાપાર તે દર્શનઉપયોગ છે. વેપાર એટલે શું? કોઈ પરનો વેપાર કરી શકતું નથી; ચોપડા કે ચશ્માનો વેપાર આત્મા કરી શકતો નથી; પણ તે તરફ લક્ષ કરી રાગભાવમાં જોડાય છે, તે રાગનો વેપાર કરે છે. અરૂપીનો વેપાર રૂપી વસ્તુમાં ન હોય, અરૂપી અરૂપીમાં જ વેપાર કરી શકે છે. (ક્રમશઃ)



**જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;**
**તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.** –**શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે સંવરના વિશેષ કારણો કહે છે :–

**गुत्ती समिदी धम्मो अणुवेक्खा तह य परिसहजओ वि।**
**उक्किट्टं चारित्तं संवरहेदू विसेसेण॥९६॥**

**અર્થ :**—મન-વચન-કાય એ ત્રણ ગુપ્તિ, ઈર્યા-ભાષા-એષણા-આદાનનિક્ષેપણ તથા પ્રતિષ્ઠાપન એ પાંચ સમિતિ, ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણધર્મ, અનિત્યાદિ બાર અનુપ્રેક્ષા, બાવીસ પરીષહજય તથા સામાયિકાદિ ઉત્કૃષ્ટ પાંચ પ્રકારના ચારિત્ર;—એટલાં વિશેષપણે સંવરનાં કારણો છે. ૯૬.

શરીરની ક્રિયાને હું રોકી શકું એમ માને તે તો મિથ્યાદષ્ટિ છે. તેને કાયગુપ્તિ હોતી નથી, પણ કાયાથી ભિન્ન મારું સ્વરૂપ છે, એમ જાણીને સ્વભાવમાં એકાગ્રતાથી કાયા તરફનું લક્ષ છૂટી જાય તેનું નામ કાયગુપ્તિ છે. એ જ પ્રમાણે મનગુપ્તિ અને વચનગુપ્તિમાં પણ બહારની ક્રિયાની વાત નથી, પણ સ્વભાવમાં એકાગ્રતા થતાં મન-વચન તરફ વલણ ન જાય તેનું નામ મનગુપ્તિ ને વચનગુપ્તિ છે.

હું શુદ્ધ ચિદાનંદ સ્વભાવી છું—એવા ભાનપૂર્વક અકષાયભાવ વધી જતાં તીવ્ર રાગભાવ થતો નથી, ત્યાં ઈર્યા, ભાષા વગેરે સમિતિ હોય છે. ''જોઈને ચાલવું'' એમ કહ્યું, ત્યાં શરીરને ચલાવવાની ક્રિયા કાંઈ આત્મા કરી શકતો નથી, પણ તેનો અર્થ એવો છે કે ચૈતન્યના ભાનપૂર્વક તેવો તીવ્ર રાગભાવ ન થવા દેવો–તેનું નામ સમિતિ છે.

હું ભાષા બોલું–એવી જેની માન્યતા છે તેને તો જડ ભાષાનું અભિમાન છે, તેને ભાષા સમિતિ હોતી નથી. ભાષા તો જડનું પરિણમન છે. હોઠના કારણે પણ ભાષા નથી. ભાષા તો ભાષાવર્ગણાના પરમાણુઓમાંથી થાય છે ને હોઠ તો આહાર વર્ગણામાંથી બને છે. જીભ અને હોઠથી પણ ભાષા બોલાતી નથી. તો આત્મા ભાષા બોલે એ વાત ક્યાં રહી ?

મેસૂબ કરવામાં તેના ખાસ લોટને બદલે બીજો લોટ ન ચાલે. મગજના લોટમાંથી

**અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;**
**પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.** **–શ્રી સમયસાર**

મેસૂબ ન થાય, તેમ જગતમાં આહારવર્ગણા અને ભાષાવર્ગણા ભિન્ન-ભિન્ન છે, તેમાં આહારવર્ગણામાંથી શરીર બને છે અને ભાષાવર્ગણામાંથી ભાષા બને છે, આહારવર્ગણામાંથી ભાષા બનતી નથી ને આત્મા પણ ભાષાનો કર્તા નથી.

આત્માના ભાનપૂર્વક અપ્રમાદભાવ રહે ને ભાષા વખતે પ્રમાદભાવ ન થાય, તેનું નામ ભાષા સમિતિ છે.

એષણા સમિતિનો અર્થ એવો નથી કે આત્મા નિર્દોષ આહાર પાણી લઈ શકે છે, આહાર વખતે આહારનો ગૃદ્ધિભાવ ન થઈ જાય ને સ્વભાવની દૃષ્ટિપૂર્વકની વીતરાગી સ્થિરતા ટકી રહે તેનું નામ એષણા સમિતિ છે. તે વખતે શુભરાગ છે તે પુણ્યાસ્રવ છે, તે કાંઈ સંવર નથી.

આદાનનિક્ષેપણ સમિતિ એટલે શું ? પુસ્તક, પીંછી વગેરે વસ્તુઓ લેવા મૂકવાની ક્રિયા તો જડની છે, તેનો કાંઈ આત્મા કર્તા નથી, પણ અંદરમાં ચૈતન્યની સ્થિરતામાં એવો અરાગભાવ વધી ગયો એટલે પ્રમાદભાવ થતો નથી, તેવી દશાનું નામ આદાનનિક્ષેપણ સમિતિ છે.

પ્રતિષ્ઠાપન સમિતિમાં પણ બહારની ક્રિયાની વાત નથી, પણ તે જાતિનો અપ્રતિબદ્ધ વીતરાગભાવ ટકી રહેવો તે સંવર છે.

ઉત્તમ ક્ષમા વગેરે ધર્મ તથા બાર વૈરાગ્ય ભાવનાઓનું ચિંતવન તે પણ સંવરનાં કારણો છે. બાવીસ પરિષહજય તે પણ સંવરનું કારણ છે. પરિષહજય એટલે શું ? બહારમાં પ્રતિકૂળતાના પ્રસંગ વખતે પણ અંદર ચિદાનંદ સ્વભાવને સ્વજ્ઞેયપણે રાખીને શાંતિના અનુભવમાં એકાગ્ર રહેવું ને રાગ-દ્વેષ થવા ન દેવો તેનું નામ પરિષહજય છે. તેમ જ સામાયિક વગેરે પાંચ પ્રકારનાં ઉત્કૃષ્ટ ચારિત્ર તે પણ સંવરના કારણો છે.

(ક્રમશઃ)

પુણ્યકર્મ છે તે સાંસારિક અભ્યુદયને આપે છે. હવે તેનાથી (દશલક્ષણ-ધર્મથી) વ્યવહાર અપેક્ષાએ પુણ્યનો પણ બંધ થાય છે તો તે સ્વયમેવ જ થાય છે પણ તેની વાંછા કરવી એ તો સંસારની જ વાંછા કરવા તુલ્ય છે અને એ તો નિદાન થયું, મોક્ષના જિજ્ઞાસુને તે હોય જ નહીં. જેમ ખેડૂત અનાજ માટે ખેતી કરે છે તેને ઘાસ તો સ્વયમેવ થાય છે, તેની વાંછા શા માટે કરે ? તેમ મોક્ષના અર્થીને પુણ્યબંધની વાંછા કરવી યોગ્ય નથી. (શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા)

# સાચી જિનભક્તિમાં વીતરાગતાનો આદર

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

ધર્મીનું ધ્યેય વીતરાગતા છે. જેમ સારો ખેડૂત ખડ માટે નથી વાવતો પણ અનાજ માટે વાવે છે; અનાજની સાથે ખડ પણ ઘણું થાય છે. તેમ ધર્મીનો પ્રયત્ન વીતરાગતા માટે છે, રાગ માટે નહિ. ચૈતન્યસ્વભાવની દૃષ્ટિપૂર્વક શુદ્ધતાને સાધતાં–સાધતાં વચ્ચે પુણ્યરૂપી ઊંચું ઘાસ પણ ઘણું પાકે છે. પણ એ ઘાસ કાંઈ માણસ ન ખાય, માણસ તો અનાજ ખાય; તેમ ધર્મીજીવ રાગને કે પુણ્યને આદરણીય ન માને, વીતરાગભાવને જ આદરણીય માને. જુઓ, આમાં બંને વાત ભેગી છે, શ્રાવકની ભૂમિકામાં રાગ કેવો હોય ને ધર્મ કેવો હોય–એ બંનેનું સ્વરૂપ આમાં આવી જાય છે.

જ્ઞાનીને ધર્મ સહિતનાં જે પુણ્ય હોય તે ઊંચી જાતનાં હોય છે; અજ્ઞાનીનાં પુણ્ય કસ વગરનાં હોય છે, એની પર્યાયમાં ધર્મનો દુષ્કાળ છે. જેમ ઉત્તમ અનાજની સાથે જે ઘાસ પાકે તે ખાસ કસવાળું હોય છે; દુષ્કાળમાં અનાજ વગરનું એકલું ઘાસ પાકે તેમાં બહુ કસ હોતો નથી; તેમ જ્યાં ધર્મનો દુષ્કાળ છે ત્યાં પુણ્ય પણ હલકાં હોય છે, ને ધર્મની ભૂમિકામાં પુણ્ય પણ ઊંચી જાતનાં હોય છે. તીર્થંકરપણું, ચક્રવર્તીપણું, ઈન્દ્રપણું વગેરેના લોકોત્તર પુણ્ય ધર્મની ભૂમિકામાં જ બંધાય છે. ગૃહસ્થોને જિનમંદિર–જિનબિંબ કરાવવાથી તથા આહારદાન વગેરેથી મહાન પુણ્ય બંધાય છે, તેથી મુનિરાજે તેનો ઉપદેશ કર્યો છે. અવિકૃત સ્વરૂપના આનંદમાં ઝૂલનારા સંત–પ્રાણ જાય તોપણ જે જૂઠું બોલે નહિ ને ઈન્દ્રાણી ઉપરથી ઊતરે તોપણ અશુભવૃત્તિ જેને ઊઠે નહિ, એવા વીતરાગી મુનિનું આ કથન છે; જગત પાસેથી એમને એક કણિયો પણ જોઈતો નથી, માત્ર જગતના જીવોને લોભરૂપી પાપના કુવામાંથી ઉગારવા ને ધર્મમાં જોડવા માટે કરુણાપૂર્વક ઉપદેશ આપ્યો છે. જેનું પત્થર જેવું હૃદય હોય તેની જુદી વાત, પણ ફૂલની કળી જેવું કોમળ જેનું હૃદય હશે તે તો આ વીતરાગી ઉપદેશનો ગુંજારવ સાંભળતાં પ્રસન્નતાથી ખીલી ઊઠશે; જિનેન્દ્રભક્તિવંત તો આનંદિત થશે. પણ જેમ ઉલ્લૂને એટલે ઘૂવડને સૂર્યનો પ્રકાશ ન ગમે, તેને તો અંધારું ગમે, તેમ ચૈતન્યનો પ્રકાશ કરનાર આ વીતરાગી ઉપદેશ જેને નથી રુચતો તે પણ મિથ્યાત્વના ઘોર અંધકારમાં પડેલા છે. જિજ્ઞાસુને તો એમ ઉલ્લાસ આવે કે અહો, આ તો મારા ચૈતન્યનો પ્રકાશ કરનારી અપૂર્વ વાત છે. ત્રણ

**વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.　　–શ્રી સમયસાર**

લોકના નાથ જિનદેવ જેમાં બિરાજમાન થાય તેની શોભા માટે ધર્મી-ભક્તોનો ઉલ્લાસ હોય. વાદિરાજસ્વામી કહે છે—પ્રભો! આપ જે નગરીમાં અવતરો તે નગરી સોનાની થાય, તો ધ્યાન દ્વારા મેં મારા હૃદયમાં આપને વસાવ્યા ને આ શરીર રોગ વગરનું સોના જેવું ન થાય એ કેમ બને? અને આપને આત્મામાં બિરાજમાન કરતાં આત્મામાંથી મોહરોગ ટળીને શુદ્ધતા ન થાય એ કેમ બને?

ધર્મી શ્રાવકને, તેમ જ ધર્મના જિજ્ઞાસુ જૈનને એવો ભાવ આવે કે અહો, હું મારા વીતરાગસ્વભાવના પ્રતિબિંબરૂપ આ જિનમુદ્રાને રોજરોજ દેખું. જેમ માતા વગર પુત્રને ચેન ન પડે તેમ ભગવાનના વિરહમાં ભગવાનના દર્શન વગર ભગવાનના પુત્રોને—ભગવાનના ભક્તોને ચેન પડે નહિ. ચેલણારાણી શ્રેણીકરાજાના રાજ્યમાં આવી પરંતુ શ્રેણીક રાજા તો બૌદ્ધધર્મને માને એટલે જૈનધર્મની જાહોજલાલી દેખાણી નહિ તેથી ચેલણાને ક્યાંય ચેન પડતું નહિ; અંતે રાજાને સમજાવીને મોટા મોટા જિનમંદિરો બંધાવ્યા ને શ્રેણીકરાજાને પણ જૈનધર્મ પમાડ્યો. એ જ રીતે હરિષેણચક્રવર્તીની પણ કથા આવે છે.—એની માતા જિનદેવની મોટી રથયાત્રા કાઢવા માંગતી હતી, પણ બીજી રાણીએ તે રથ રોક્યો હતો એટલે હરિષેણની માતાએ અનશનની પ્રતિજ્ઞા લીધી હતી કે મારા જિનેન્દ્રભગવાનનો રથ ધામધૂમથી નીકળે ત્યાર પછી જ હું આહાર લઉં.—અંતે તેના પુત્રે ચક્રવર્તી થઈને મોટી ધામધૂમથી ભગવાનની રથયાત્રા કાઢી. અકલંકસ્વામીના વખતમાં પણ એવું જ બનેલું ને તેમણે બૌદ્ધગુરુને વાદવિવાદમાં જીતીને ભગવાનની રથયાત્રા કઢાવી ને જૈનધર્મની ઘણી પ્રભાવના કરી. (આ ત્રણેનાં—ચેલણારાણી, હરિષેણચક્રવર્તી ને અકલંકસ્વામીના ધાર્મિક નાટકો સોનગઢમાં ભજવાઈ ગયાં છે.) આ રીતે ધર્મી શ્રાવકો ભક્તિપૂર્વક જિનશાસનની પ્રભાવના કરે છે. જિનમંદિર બંધાવે છે, વીતરાગ જિનબિંબ સ્થાપે છે, ને તેના વડે એને સાતિશય પુણ્ય બંધાય છે. ભલે નાનામાં નાની વીતરાગપ્રતિમા હોય પણ તેના સ્થાપનમાં ત્રણકાળના વીતરાગમાર્ગનો આદર છે. એ માર્ગના આદરથી ઊંચા પુણ્ય બંધાય છે.—આ રીતે, જિનદેવના ભક્ત ધર્મી શ્રાવક અત્યંત બહુમાનથી જિનમંદિર તથા જિનબિંબનું સ્થાપન કરાવે તે વાત કરી તથા તેનું ઉત્તમ ફળ બતાવ્યું.

જ્યાં જિનમંદિર હોય ત્યાં સદાય ધર્મના નવા નવા મંગલ ઉત્સવ થયા જ કરે છે તે વાત હવેની ગાથામાં કહેશે.

(ક્રમશઃ)

**અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.** **–શ્રી સમયસાર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

પ્રથમ સર્વ લૌકિક રીતથી પરાન્મુખ થાય. સંસારના સંકલ્પ-વિકલ્પ આડે આ સત્ય વાત સૂઝતી નથી. દુનિયા આમ કહેશે, આમ નહિ કરીએ તો લોકમાં આબરૂ નહિ રહે—તેવા લૌકિક પ્રસંગોથી પરાન્મુખ થઈને નિજવિચાર સન્મુખ થાય.

ચિદાનંદ ભગવાન કર્મરૂપી ગુફામાં બેઠો છે. આઠ કર્મરૂપી ધૂળમાં છુપાયેલો છે. કર્મ માર્ગ આપે, એમ માની ત્યાં તપાસવા માંડે તો ભગવાન આત્મા મળે તેમ નથી. પહેલી શરીરાદિ નોકર્મ ગુફા છે જે કર્મ બાંધવામાં નિમિત્ત છે, બીજી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મગુફા છે તે સૂક્ષ્મ છે તથા ત્રીજી રાગ-દ્વેષાદિરૂપ ગુફા છે,—એ ત્રણ એક પછી એક કર્મકંદરાઓ છે.

પ્રથમ નોકર્મગુફામાં પરિણતિ પેસી જુએ છે કે મારો રાજા ક્યા છે ? જાણવા-દેખવાના પરિણામ શરીર અને વાણીમાંથી આવતા હશે ? વાણીમાં, શરીરમાં, પરમાણુની ક્રિયામાં આત્મા હશે ? પણ ત્યાં કોઈ દેખાતું નથી. શરીર તો જડ છે. પર્યાયબુદ્ધિવાળાને ચૈતન્ય ભાસતો નથી. શરીરની ક્રિયાથી ધર્મ થાય—એમ અજ્ઞાની માને છે. શરીરને સરખું રાખો, સાત્ત્વિક ખોરાક ખાઓ તો પરિણામ શુદ્ધ થશે,—એમ માની શરીરાદિમાં આત્માને શોધે છે. પર્વતના એકાંત સ્થાનમાં કે શરીરની ક્રિયામાં આત્મા નથી, જાણવા—દેખવાનો પ્રકાશ શરીરમાંથી આવતો નથી, નોકર્મરૂપી ગુફામાં તેને કાંઈ દેખાતું નથી, ચકરાવો થઈ રહ્યો ત્યારે તે પરિણતિ ફરવા લાગી.

શ્રીગુરુ પૂછે છે કે—“તું શું શોધે છે ?” ત્યારે પરિણતિ કહેવા લાગી કે “મારા રાજાને ખોળું છું, પણ તે અહીં તો દેખાતો નથી.”

અહીં ગુરુ કેવા હોય તે બતાવે છે. પોતાની પરિણતિ શરીરમાંથી આવે ને શરીરથી ધર્મ થાય—એમ મનાવે તે સાચા ગુરુ નથી.

શ્રીગુરુએ કહ્યું કે તારો રાજા અહીં જ છે, શરીરમાં નથી. તારા જાણવા—

> જયમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,
> પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦. —શ્રી સમયસાર

દેખવાના પરિણામ પર તરફ વળે છે તે હવે શરીરાદિ પર તરફ વાળીશ નહિ, અંદરમાં જા. અહીંથી ત્રીજી ગુફા છે ત્યાં તારો રાજા રહે છે. તે ત્રીજી ગુફાનું નામ ભાવકર્મગુફા છે. તારા હાથમાં રહેલી દોરી આ ગુફા સુધી આવી છે. તે દોરી તેના હાથની હલાવી ચાલે છે. જો તે ન હોય તો દોરી પોતાની મેળે ન ચાલે. જાણનાર વસ્તુ ન હોય તો આ શરીર છે ને આ રાગ મને થયો એવું જાણવાનું બનત નહિ, માટે વિચારીને એ શક્તિ અથવા દોરીને અનુસરીને ચાલ્યો જા. દોરીને છોડીશ નહિ. ત્યાંથી એ પરિણતિ પેલી દોરીના આધારે દ્રવ્યકર્મગુફામાં પેસી જુએ છે કે આ દોરીની ક્રિયા કોણ કરે છે ?

શરીરમાંથી ખસીને કર્મ ઉપર આવ્યો છે, કર્મ ઘટે અથવા પુણ્ય બંધાય તો કાંઈ હાથ આવશે કે નહિ—તેમ વિચાર કરે છે. કર્મની સ્થિતિ—રસ ઘટાડીએ તો આત્મા મળે—એમ કર્મમાં આત્માને શોધવા માંડ્યો.

આ કોણ હલાવે છે ? વિચાર કરે છે કે મેં જેવા ભાવ કર્યા હતા તેવા દ્રવ્યકર્મમાં નામ પડ્યાં છે. કર્મની સ્થિતિ વધે કે ઘટે તેથી આત્મા મળે તેમ નથી.

જેવા આત્માએ પરિણામ કરેલા તેવાં દ્રવ્યકર્મ બંધાયેલાં છે. દ્રવ્યકર્મમાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગ એવાં નામો આત્માના નિમિત્તે પડ્યાં છે. પણ તે જડ પ્રકૃતિમાં આત્મા મળે તેવો નથી. પુણ્ય-પાપ, રાગ-દ્વેષાદિ કર્યા તેટલા પ્રમાણમાં કર્મ બંધાયું ને તેના નિમિત્તે અનેક પ્રકારે કર્મના નામો પડ્યાં પણ ત્યાં આત્મા મળે તેમ નથી.

હવે ભાવકર્મગુફામાં આવે છે. રાગ-દ્વેષ જણાય છે તે જાણવાનો પ્રકાશ ક્યાંથી આવે છે તે જો. રાગ-દ્વેષમાં અટકીને દ્વેષભાવને શોધવા જઈશ તો દ્વેષભાવ મળશે નહિ. પુણ્ય-પાપના આશ્રયે ચૈતન્યનો પત્તો મળે તેમ નથી. ચૈતન્ય ભગવાન શરીર અને કર્મમાં નહિ મળે ને પુણ્ય-પાપના ભાવ તો તારા ચૈતન્યનાથનો અશુદ્ધ સ્વાંગ છે. ચૈતન્યસૂર્ય છે, તેની પર્યાય તો જાણવા—દેખવાની છે. ભગવાન આત્માની પર્યાયમાં વિકાર દેખાય છે, તે ભગવાન આત્મા માટે બેકાર—નકામા છે.

જીવે દયા-દાનાદિનો રાગ અને વ્યવહારનો પ્રેમ છોડ્યો નથી, તેથી વિચારે છે કે તે પરિણામ છોડી દઈશ તો આત્મા હાથ આવશે કે નહિ ? તેને કહે છે કે એવો ભય ન કર. પુણ્યનો પક્ષ છોડવાનું કહે ત્યાં અજ્ઞાની બૂમ પાડે છે. પણ ભાઈ રે, આત્માની ધર્મદશા કરવી હોય, આત્માનો સાક્ષાત્કાર કરવો હોય તેને તેની વિધિ બતાવે છે. પ્રભુ !

**ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,**
**પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.** **–શ્રી સમયસાર**

તારી પ્રભુતા ચૈતન્યપ્રકાશથી ભરેલી છે. ભય ન કર. દયા–દાનાદિની વૃત્તિ ઊઠે છે તે વિકાર છે, બધી વૃત્તિઓનો જાણનાર આત્મા છે. રાગ-દ્વેષ-મોહની દોરી સાથે જઈને ખોળ. એનો અર્થ રાગ-દ્વેષ સાથે લઈ જવાના નથી, પણ રાગ-દ્વેષને જાણતો અંદર જા, રાગ-દ્વેષ તે આત્માનું સ્વરૂપ નથી. રાગ-દ્વેષના દ્વારને પોતાનું સ્વરૂપ માનીશ નહિ. રાગ-દ્વેષના પરિણામ થાય છે તે તારા અટકવાથી થાય છે. દયા-દાનાદિ તારી દશામાં થાય છે, તે અશુદ્ધ સ્વાંગ છે. તે દોરીને ન જો. જેના હાથમાં દોરી છે તેને વળગવાથી તુરત મળશે.

ગુરુ કહે છે કે ''હે અવસ્થા ! તું રાગદ્વેષને જોવા છોડી અંતરસ્વભાવને જો. ચિદાનંદ ભગવાનમાં કેવળજ્ઞાનની શક્તિ પડી છે તેને જો. તે જ્ઞાનમહિમાને છુપાવી બેઠો છે, તેની વિધિને જો, આત્માનો અનુભવ કરવાની આ રીત છે.''

''વર્તમાનમાં અલ્પજ્ઞતા ને વિકાર હોવા છતાં તે સ્વભાવમાં નથી. જ્ઞાનનો ભંડાર છે તેને પીછાન. તેની દૃષ્ટિ કર તો સાક્ષાત્કાર થશે, તારો નાથ ઢાંક્યો રહેશે નહિ. વિચારધારાને વિકારમાં નહિ અટકાવતાં ચિદાનંદ પ્રભુને અંતર જો, તો સુખી થઈશ. આમ તને નિજસુખનો ઉપાય કહ્યો.

તારો ચૈત્યન્યસૂર્ય શક્તિનો પિંડ છે, પણ વિકારમાં હાથ આવતો નથી. ધૂમાડા આડે અગ્નિ કે તપેલું દેખાતાં નથી, તેમ ચિદાનંદ ભગવાન આત્મા પુણ્ય-પાપની મજામાં દેખાતો નથી. શરીર, મન, વાણીની ક્રિયામાં ને કર્મની જાળમાં સંતાઈ ગયો છે, માટે એકવાર આ ચૈતન્યસૂર્યને જો. તારા સુખની પ્રાપ્તિનો ઉપાય તારામાં છે. ઈન્દ્રપદમાં કે સ્વર્ગમાં સુખ નથી. ભગવાન આનંદકંદ આત્માનો ભરોસો કરે તો સુખ મળે તેમ છે. વિકાર વિનાના ત્રિકાળ સ્વભાવમાં સુખ છે તેને જો તે નિજસુખનો ઉપાય કહ્યો.

જે ચૈતન્યધારા વહે છે તેને બહારમાં રોકે છે તે સંસાર છે, તેને અંદરમાં વાળ તે ધર્મ છે. (ક્રમશઃ)

---

આ આત્માને અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો) તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવો છે આત્મા ? પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે ? શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે ? પૂર્ણ જ્ઞાનઘન છે. વળી જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે. તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે ''આ નવતત્ત્વની પરિપાટી છોડી, આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.''
(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૬)

## હિત-પદ

ન સમજો અભી મિત્ર કિતના અંધેરા, જભી જાગ જાઓ તભી હૈ સબેરા.
ગઈ સો ગઈ મત ગઈકો બુલાઓ, નયા દિન હુઆ હૈ નયા ડગ બઢાઓ.
ન સોચો ન લાઓ વદન પર મલિનતા, તુમ્હારેં કરોંમેં હૈ કલકી સફલતા.
જલી જ્યોતિ બનકર ઢલેગા અંધેરા. જભી જાગ....
પિયો મિત્ર શોલે સમજ કરકે પાની, દુઃખોંને લિખી હૈ સુખોંકી કહાની.
નહીં પઢ સકા કોઈ કિસ્મતકા કાસા, નહીં જાનતા કબ પલટ જાય પાસા.
ચલ જો મિલા મંજિલોંકા બસેરા. જભી જાગ....
વ્યથાએં મિલે તો ઉન્હેં તુમ દુલારો, પ્રગતિ, પ્રેમસે મિલે તો પુકારો.
દુઃખોંકી સદા ઉમ્ર છોટી રહી હૈ, સદા શ્રમ સુખોંકે હી બોતી રહી હૈ ॥
સદા પતજરોંને બહારોંકો ટેરા. જભી જાગ...
ગુરુદેવકે દ્વારા નયા દિન મિલા હૈ, જો નિધિયાં બિખરતી વો લૂટો હમેશા.
અનેક ગ્રંથ મંથનસે હીરા નિકાલા, તુમ જૌહરી બનકરકે કર દો ઉજાલા.
જરા ભૂલ કી તો નરકમેં બસેરા, જભી જાગ જાઓ તભી હૈ સબેરા. ન સમજો....
અભી જાગ જાઓ તો અભી હૈ સબેરા....

(પૂજ્ય ગુરુદેવશ્રીએ નાટક સમયસાર પ્રવચનમાં (તા. ૨૭-૮-૧૯૭૧) ભક્તિભાવે ગાયેલ ભક્તિ)

અરે! એક ગામથી બીજે ગામ જવું હોય ત્યારે લોકો રસ્તામાં ખાવા ભાતું ભેગું લઈ જાય છે; તો પછી આ ભવ છોડીને પરલોકમાં જવા માટે આત્માની ઓળખાણનું કાંઈ ભાતું લીધું? આત્મા કાંઈ આ ભવ જેટલો નથી; આ ભવ પૂરો કરીને પછી પણ આત્મા તો અનંત કાળ અવિનાશી રહેવાનો છે; તો તે અનંત કાળ તેને સુખ મળે તે માટે કાંઈ ઉપાય તો કર. આવો મનુષ્ય-અવતાર ને સત્સંગનો આવો અવસર મળવો બહુ મોંઘો છે. આત્માની દરકાર વગર આવો અવસર ચૂકી જઈશ તો ભવભ્રમણનાં દુઃખથી તારો છૂટકારો ક્યારે થશે? અરે, તું તો ચૈતન્યરાજા! તું પોતે આનંદનો નાથ! ભાઈ, તને આવાં દુઃખ શોભતાં નથી. જેમ અજ્ઞાનથી રાજા પોતાને ભૂલીને ઊકરડામાં આળોટે, તેમ તું તારા ચૈતન્યસ્વરૂપને ભૂલીને રાગના ઊકરડામાં આળોટી રહ્યો છે, પણ એ તારું પદ નથી; તારું પદ તો ચૈતન્યથી શોભતું છે, ચૈતન્યહીરા જડેલું તારું પદ છે, તેમાં રાગ નથી. આવા સ્વરૂપને જાણતાં તને મહા આનંદ થશે.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૨૩૭

## શરીરમાં રોગ થાય ત્યારે આત્માએ શું કરવું ?

પ્રશ્ન :—આત્મા ચૈતન્ય સ્વરૂપ છે ને શરીરથી જુદો છે એ વાત તો અમે માનીએ છીએ, પરંતુ શરીરમાં જ્યારે રોગ થાય ત્યારે અમારે તેની દવા તો કરવી જોઈએ કે નહિ ?

ઉત્તર :—આત્મા શરીરથી જુદો છે, ને શરીરાદિ પર દ્રવ્યનું કાંઈ જ કરી શકતો નથી—એવું વસ્તુસ્વરૂપ સમજાયું હોય તો ઉપરનો પ્રશ્ન ઊઠવાનો અવકાશ રહેતો નથી. 'આત્મા શરીરથી જુદો નથી પણ શરીરનો કર્તા છે'—એવી જેની અજ્ઞાનબુદ્ધિ છે તેને જ ઉપરનો પ્રશ્ન ઊઠે છે. 'દવા કરવી કે ન કરવી' એવો પ્રશ્ન ક્યારે ઊઠે ? જો દવાની ક્રિયા આત્માને આધીન હોય તો તે પ્રશ્ન ઊઠે. જે કામ કરવા પોતે સમર્થ નથી તેના સંબંધમાં 'મારે આ કરવું કે ન કરવું' એવો પ્રશ્ન હોય નહિ. શરીરની કે દવા લાવવાની ક્રિયા આત્મા કરી શકતો જ નથી. આત્મા તો સ્વ-પરનું જ્ઞાન કરે અને બહુ તો રાગ-દ્વેષ-મોહભાવ પોતામાં કરે. જેને શરીર ઉપરનો રાગ હોય એવા જીવને દવા કરવાનો વિકલ્પ થાય, પણ દવા તો આવવાની હોય તો તેના કારણે સ્વયં આવે છે. આત્મા પરમાં એક રંચમાત્ર ફેરફાર કરી શકતો નથી. અહીં તો આચાર્યદેવ એ વાત સમજાવે છે કે જે રાગ ભાવ થાય તે કરવાનું ય આત્માનું કાર્ય નથી, અને પોતાને ભૂલીને પરને જાણવામાં રોકાય એવું જ્ઞાન પણ આત્માનું સ્વરૂપ નથી. આત્માના સ્વભાવ તરફ વળીને જાણે તે જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. જડ શરીરની ને દવા કરવાની વાત તો જુદી રહી. જડની અવસ્થાઓ ક્ષણે ક્ષણે જેમ થવાની હોય તેમ જડના સ્વભાવથી થયા જ કરે છે, અજ્ઞાની જીવ પોતાના જાણનાર સ્વભાવને ભૂલીને તેનું અભિમાન કરે છે. જ્ઞાની જીવ તેનાથી ભિન્નતા જાણીને પોતાના જ્ઞાન સ્વભાવ તરફ વળે છે. ને રાગના તથા પરના જાણનાર રહે છે.

દવાને, શરીરને, રાગને અને આત્માને—બધાયને એકમેક માને તે જીવને એવો પ્રશ્ન થાય છે કે 'શરીરમાં તાવ આવે ત્યારે મારે દવા કરવી કે નહિ ? પણ ભાઈ ! તું વિચાર તો કર કે 'તું એટલે કોણ ? અને દવા કરવી એટલે શું ?' તું એટલે જ્ઞાન અને દવા એટલે અનંતા જડ રજકણો. શું તારું જ્ઞાન તે જડ રજકણોની ક્રિયા કરે ? ''મારે સસલાનાં શિંગડા કાપવા કે ન કાપવા ?'' એવો પ્રશ્ન જ ક્યારે હોય શકે ? જો સસલાનાં શીંગડા હોય તો એ પ્રશ્ન ઊઠે. પણ સસલાનાં શીંગડા જ નથી તો પછી તેને કાપવા કે ન કાપવાનો સવાલ જ ઊઠતો નથી. તેમ આત્મા પર વસ્તુનું કાંઈ કરી શકતો હોય તો 'મારે કરવું કે ન કરવું' એવો પ્રશ્ન ઊઠે તે વાજબી છે. પણ આત્મા પરનું કાંઈ કરી શકતો જ નથી, તો પછી 'હું પરનું કરું' કે 'હું પરનું ન કરું' એ બંને માન્યતા મિથ્યાત્વ છે.

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની વિધિ શું છે?

ઉત્તર :—પરનો કર્તા આત્મા નથી, રાગનો પણ કર્તા નથી, રાગથી ભિન્ન જ્ઞાયકમૂર્તિ છું—એવી અંતરમાં પ્રતીતિ કરવી એ વિધિ છે. અહાહા! આવો સમય મળ્યો છે એમાં તો આત્માને રાગથી જુદો કરી દેવાનો આ કાળ છે.

પ્રશ્ન :—ત્રિકાળી ધ્રુવ દ્રવ્યદૃષ્ટિમાં આવ્યો એવું ક્યારે કહેવાય? વેદનમાં પણ શું દ્રવ્ય આવે છે?

ઉત્તર :—ચૈતન્ય ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મદ્રવ્ય એ જેને દૃષ્ટિમાં આવ્યો તેને પર્યાયમાં આનંદનું વેદન આવે એ પર્યાયને જ અલિંગગ્રહણના ૨૦માં બોલમાં આત્મા કહ્યો છે. ત્રિકાળી ધ્રુવ ભગવાન ઉપર દૃષ્ટિ પડે એને વેદનમાં આનંદનો અનુભવ થાય ત્યારે તેની દૃષ્ટિ દ્રવ્યની થઈ કહેવાય છે. જો આનંદનું વેદન ન આવે તો તેની દૃષ્ટિ ધ્રુવ ઉપર ગઈ જ નથી. જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય તેને અનાદિનું રાગનું વેદન હતું તે ટળીને આનંદનું વેદન પર્યાયમાં આવે ત્યારે તેની દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું છે પણ વેદનમાં દ્રવ્ય આવતું નથી. તેથી પર્યાય દ્રવ્યને સ્પર્શ કરતી નથી તેમ કહે છે. પ્રભુની પર્યાયમાં પ્રભુનો સ્વીકાર થયો એ પર્યાયમાં પ્રભુનું જ્ઞાન આવે છે પણ પર્યાયમાં પ્રભુનું-દ્રવ્યનું વેદન આવતું નથી. વેદનમાં જો દ્રવ્ય આવે તો દ્રવ્યનો નાશ થઈ જાય પણ દ્રવ્ય તો ત્રિકાળ ટકનાર છે. તેથી તે પર્યાયમાં આવતું નથી એટલે પર્યાય સામાન્ય દ્રવ્યને સ્પર્શતી નથી તેમ કહ્યું.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન અને આત્મા ભેદરૂપ છે કે અભેદરૂપ?

ઉત્તર :—સમ્યગ્દર્શનાદિ નિર્મળપર્યાય અને આત્મા અભેદ છે. રાગને અને આત્માને તો સ્વભાવભેદ છે. આ સમ્યગ્દર્શન અને શુદ્ધઆત્મા અભેદ છે, પરિણતિ સ્વભાવમાં અભેદ થઈને પરિણમી છે, આત્મા પોતે અભેદપણે તે પરિણતિરૂપે

**અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,**
**અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨. –શ્રી સમયસાર**

પરિણમ્યો છે તેમાં ભેદ નથી. વ્યવહાર સમ્યગ્દર્શન જે વિકલ્પરૂપ છે તે કાંઈ આત્મા સાથે અભેદ નથી.

પ્રશ્ન :—દૃષ્ટિના વિષયમાં વર્તમાન પર્યાય ભેગી આવે છે કે નહિ?

ઉત્તર :—દૃષ્ટિના વિષયમાં એકલું ધ્રુવદ્રવ્ય જ આવે છે. પર્યાય તો દ્રવ્યનો વિષય કરે છે, પણ પર્યાય ધ્રુવદ્રવ્યમાં ભેગી આવતી નથી કેમ કે તે વિષય કરનાર છે વિષય અને વિષયી બે જુદા છે.

પ્રશ્ન :—દ્રવ્યદૃષ્ટિને આલંબન કોનું?

ઉત્તર :—દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. નિર્મળ પર્યાય પણ બહિર્તત્ત્વ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય તે પણ બહિર્તત્ત્વ છે, તેનું આલંબન દ્રવ્યદૃષ્ટિમાં નથી. સંવર-નિર્જરા-મોક્ષ પણ પર્યાય છે, તેથી તે વિનાશીક હોવાથી બહિર્તત્ત્વ છે. તેનું આલંબન દ્રવ્યદૃષ્ટિને નથી. શરીર-મન-વાણી-કુટુંબ કે દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો પરદ્રવ્ય હોવાથી બહિર્તત્ત્વ છે જ અને દયા-દાન-વ્રત-તપ આદિના પરિણામ—એ પણ વિકાર હોવાથી બહિર્તત્ત્વ છે જ પણ અહીં તો જે શુદ્ધ નિર્મળ પર્યાય—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ છે તે પણ ક્ષણિક અનિત્ય એક સમય પૂરતાં ટકતા હોવાથી ધ્રુવતત્ત્વ—અંતઃતત્ત્વની અપેક્ષાએ પણ બહિર્તત્ત્વ છે તેથી તેનું આલંબન લેવા જેવું નથી.

પ્રશ્ન :—સમ્યગ્દર્શનનો વિષય શું છે?

ઉત્તર :—સમયસાર ગાથા ૧૩મા, નવતત્ત્વરૂપ પર્યાયોમાં અન્વયપણે રહેલું ભૂતાર્થ એકરૂપ સામાન્ય ધ્રુવ તે સમ્યગ્દર્શનનો વિષય છે એમ કહ્યું છે. પંચાધ્યાયી (અધ્યાય ૨)માં પણ કહ્યું છે કે ભેદરૂપ નવતત્ત્વમાં સામાન્યરૂપે રહેલું એટલે કે ધ્રુવરૂપે રહેલું તે જીવનું શુદ્ધ ભૂતાર્થસ્વરૂપ છે. આ રીતે ભેદરૂપ નવતત્ત્વોથી ભિન્ન શુદ્ધ જીવને બતાવી તેને સમ્યગ્દર્શનનો વિષય એટલે કે ધ્યેયરૂપ બતાવેલ છે.

જીવની શ્રદ્ધાપર્યાય ધ્યેયભૂત સામાન્ય ધ્રુવ દ્રવ્યસ્વભાવ તરફ ઢળે છે ત્યારે જ સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ સ્વાનુભવ થાય છે. તે વખતે દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ સર્વ ગુણોના પરિણામ (—પર્યાય) સ્વભાવ સન્મુખ ઢળે છે; માત્ર શ્રદ્ધા-જ્ઞાનના જ પરિણામ

**જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,**
**જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩. —શ્રી સમયસાર**

ઢળે છે એમ નથી. "…. वहाँ सर्व परिणाम उसरूपमें एकाग्र होकर प्रवर्तते हैं; …"

(પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી.)

પ્રશ્ન :—ધ્રુવસ્વભાવની સાથે નિર્મળ પર્યાય અભેદ કરી દૃષ્ટિનો વિષય માનવાથી શું આપત્તિ થાય?

ઉત્તર :—ધ્રુવ દ્રવ્યસ્વભાવ સાથે નિર્મળ પર્યાય ભેળવવાથી દૃષ્ટિનો વિષય થાય છે એમ માનનાર, વ્યવહારથી નિશ્ચય થવાનું માનનારની જેવા જ, મિથ્યાદૃષ્ટિ છે; એનું જોર પર્યાય ઉપર છે ધ્રુવસ્વભાવ ઉપર નથી.

સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય સાથે ઉત્પાદરૂપ નિર્મળ પર્યાયને ભેગી લેવાથી તે નિશ્ચયનયનો વિષય ન રહેતાં પ્રમાણનો વિષય થઈ જાય છે, અને પ્રમાણ પોતે સદ્ભૂત વ્યવહારનો વિષય છે. નિશ્ચયનયનો વિષય અભેદ એકરૂપ દ્રવ્ય છે, પ્રમાણની જેમ ઉભય-અંશગ્રાહી નથી. જો પર્યાયને દ્રવ્ય સાથે ભેળવવામાં આવે તો તે, નિશ્ચયનયનો વિષય ત્રિકાળી સામાન્ય છે તે રહેતો નથી, પણ પ્રમાણનો વિષય થઈ જતો હોવાથી, દૃષ્ટિમાં ભૂલ છે, વિપરીતતા છે.

અનિત્ય તે નિત્યને જાણે છે; પર્યાય તે દ્રવ્યને જાણે છે, પર્યાયરૂપ વ્યવહાર છે તે નિશ્ચયરૂપ ધ્રુવદ્રવ્યને જાણે છે; ભેદ છે તે અભેદ દ્રવ્યને જાણે છે; પર્યાય તે જાણનાર એટલે કે વિષયી છે ને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તે (જાણનાર પર્યાયનો) વિષય છે. જો દ્રવ્યની સાથે નિર્મળ પર્યાયને ભેળવીને નિશ્ચયનયનો વિષય કહેવામાં આવે તો વિષય કરનાર પર્યાય તો કોઈ જુદી રહી નહીં. જો પર્યાયને વિષય કરનાર તરીકે દ્રવ્યથી જુદી લેવામાં આવે તો જ વિષય-વિષયી બે ભાવ સિદ્ધ થઈ શકે છે; પરંતુ અન્યથા માનવાથી મહા વિપરીતતા થાય છે.

શ્રુતજ્ઞાનની પર્યાય તે પ્રમાણજ્ઞાન છે. પ્રમાણજ્ઞાન પોતે પર્યાય હોવાથી વ્યવહાર છે. વીતરાગી પર્યાય પોતે વ્યવહાર છે; પરંતુ તેણે ત્રિકાળી દ્રવ્યરૂપ નિશ્ચયનો આશ્રય લીધો હોવાથી તે નિર્મળ પર્યાયને નિશ્ચયનય કહ્યો છે, પણ તે પર્યાય હોવાથી છે તો વ્યવહાર.

શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. પરનું લક્ષ છોડી, રાગનું લક્ષ છોડી, પર્યાયનું લક્ષ છોડી, ત્રિકાળી દ્રવ્યનું લક્ષ કરે ત્યારે વીતરાગતા પ્રગટે છે; જો ત્રિકાળી દ્રવ્યરૂપ ધ્યેયમાં પર્યાયને ભેગી લે તો, એ વાત રહેતી નથી. (ક્રમશઃ)



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—સમયસાર ગાથા ૩૨૦ જયસેનાચાર્યની ટીકામાં આવે છે કે શુદ્ધ જ્ઞાન અર્થાત્ અપરિણામી ધ્રુવ આત્મા બંધ-મોક્ષને કરતો નથી. આ વાત તો સમજાય છે; પરંતુ પછી એમ આવે છે કે શુદ્ધજ્ઞાન પરિણત જીવ પણ બંધ-મોક્ષને કરતો નથી. પરિણત એટલે પરિણમતો કહેવો અને પાછો બંધ-મોક્ષ કરતો નથી એમ કહેવું તે કઈ રીતે ઘટે છે ?

પૂજ્ય બહેનશ્રી :—પૂજ્ય ગુરુદેવે તો ઘણો વિસ્તાર કર્યો છે, સમજાવવામાં બાકી રાખ્યું નથી. સૂક્ષ્મ-સૂક્ષ્મ કરીને શાસ્ત્રનું રહસ્ય ખોલ્યું છે. ગુરુદેવનો અનંત-અનંત ઉપકાર છે. જો તે સમજીને અંદર પુરુષાર્થ કરે તો પ્રગટ થાય એવું છે. અનાદિ-અનંત જે વસ્તુ છે તે વસ્તુ પોતે બંધ-મોક્ષને કરતી નથી. તે વસ્તુ સ્વભાવ છે. પરિણત એટલે કે જે સાધક અવસ્થાએ પરિણમેલો જીવ છે તે. અને તે બંધ-મોક્ષને કરતો નથી અર્થાત્ જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે તે બંધ-મોક્ષને કરતો નથી. જેણે વસ્તુનું સ્વરૂપ જાણ્યું છે તે ખરેખર બંધ-મોક્ષને કરતો નથી. કારણ કે દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ તેણે દ્રવ્યને યથાર્થ ગ્રહણ કર્યું છે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી છે એટલે દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ તે બંધ-મોક્ષને કરતો નથી.

પરિણત કહીને આચાર્યદેવ એમ કહે છે કે, તે પરિણમે છે એટલે કે પરિણામ-અપરિણામી બંને સાથે હોય છે. અપરિણામી તે દ્રવ્ય છે અને પરિણામ તે પર્યાય છે. સાધક અવસ્થાએ પરિણમેલો જીવ છે તે વાસ્તવિક રીતે વસ્તુ સ્વરૂપને જાણે છે, તેથી તે બંધ-મોક્ષને કરતો નથી. વાસ્તવિક રીતે પરિણમેલો જીવ જ વસ્તુસ્વરૂપને જાણે છે અને તે દ્રવ્ય અપેક્ષાએ બંધ-મોક્ષને કરતો નથી. વસ્તુસ્વરૂપ અનાદિ-અનંત જેમ છે તેમ જ્ઞાન પરિણત જીવે જ જાણ્યું છે કે આ મારું સ્વરૂપ છે. જે વસ્તુ છે તે બંધાતી નથી અને જો તેને બંધન નથી તો મુક્તિ કોની ? માટે વસ્તુસ્વભાવમાં બંધ કે મુક્તિ નથી અને તેમાં બંધન કે મુક્તિ નથી તે જ્ઞાન પરિણત જીવે જ જાણ્યું છે.

**શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો**
**ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.** **–શ્રી સમયસાર**

તે આવું જાણવા છતાં તેની સાધનાની પર્યાય તો ચાલુ જ રહે છે, મોક્ષની સાધના પણ તે જ કરે છે. એવું જ કોઈ વસ્તુનું સ્વરૂપ છે કે અપરિણામી અને પરિણતિ (પરિણામ) બંને સાથે જ હોય છે. તે ટીકામાં આગળ આવે છે કે દ્રવ્ય અને પર્યાય બેનું જોડકું છે, બે સાથે જ હોય છે. પરિણામ અને અપરિણામી બે સાથે છે અને તેથી તેમાં જ સાધના થાય છે.

બંધ-મોક્ષને નથી કરતો તે ખરું તો સાધક અવસ્થાવાળા જીવે જાણ્યું છે. કોઈએ બુદ્ધિથી જાણ્યું હોય તે જુદી વાત છે, પણ આ તો તેણે અંદરની પરિણતિ પ્રગટ કરીને જાણ્યું છે. સાધકને પોતાનો આત્મા ગ્રહણ થતાં દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે અને જેણે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપી તે જ વાસ્તવિક રીતે બંધ-મોક્ષનો કર્તા નથી. તો પણ સાધનાની પર્યાય તો તેને ચાલુ જ છે. આચાર્યદેવ કહે છે કે પરિણત એટલે કે જીવનો સ્વભાવ પરિણામી પણ છે અને અપરિણામી પણ છે. એમ બંને વસ્તુસ્વભાવને આચાર્યદેવ સાબિત કરે છે.

જે અપરિણામી છે તેને જ્ઞાન પરિણત જીવે જાણ્યો છે તેમ જ તેણે જ સાધનાની પર્યાય શરૂ કરી છે. આમ વાસ્તવિક રીતે પરિણતિ અને અપરિણામીને સાધક જીવ જ બરાબર જાણે છે. દ્રવ્યદૃષ્ટિમાં તો મતિ-શ્રુતજ્ઞાનના ભેદ તથા ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકના ભેદ પણ નથી. દ્રવ્યદૃષ્ટિ અખંડ અને અભેદને ગ્રહણ કરે છે, છતાં પણ ભેદ હોય છે તેને જ્ઞાન જાણે છે. ભેદ અને અભેદ સાથે રહે છે. દ્રવ્ય અપેક્ષાએ વસ્તુ અખંડ હોવા છતાં ગુણ-પર્યાય અપેક્ષાએ તેમાં ભેદ પડે છે, બંને અપેક્ષાઓ જુદી છે. પરિણામ—અપરિણામી વિરોધી દેખાતા હોવા છતાં બંને સાથે રહે છે અને મુક્તિના માર્ગમાં બંને સાથે જ હોય છે. અપરિણામી ઉપર જોર છે અને તેની ઉપર દૃષ્ટિ સ્થાપી છે, તો પણ સાધના પરિણામમાં જ થાય છે. સાધનાનું જે પરિણામીપણું છે તે, અપરિણામી તરફની મુખ્યતાથી જ, પરિણામમાં થાય છે. આવો પરિણામ-અપરિણામીનો સંબંધ છે અને તેને જ્ઞાન બરાબર ગ્રહણ કરે છે. દ્રવ્ય અને પર્યાય બંને સાથે જ હોય છે, એટલે આચાર્યદેવે કહ્યું છે કે જે જ્ઞાન પરિણત જીવ છે તે જ બંધ-મોક્ષને કરતો નથી. જે પરિણામી છે—સાધનારૂપે પરિણમેલો છે—તેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે અને તે જ ખરો જ્ઞાયક છે.

જ્ઞાન-પરિણામી જે જીવ છે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તે પરિણામીપણું જેને છે તેને દ્રવ્યદૃષ્ટિ પણ સાથે જ રહે છે અર્થાત્ તેને દ્રવ્યદૃષ્ટિપૂર્વક સાધનાની પર્યાય

**આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,**
**તે અષ્ટવિધ જ્ઞાનાવરણઇત્યાદિભાવે પરિણમે; ૧૩૫. –શ્રી સમયસાર**

સાથે રહે છે. તે દ્રવ્યદૃષ્ટિ દ્રવ્યમાંથી બધા ભેદને કાઢી નાંખે છે, તો પણ જે પર્યાય કાઢી નાખે છે તેમાં જ સાધના શરૂ થાય છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. દ્રવ્ય અપેક્ષાએ વસ્તુ અપરિણામી છે અને પર્યાય અપેક્ષાએ વસ્તુ પરિણામી છે. તે બંને અપેક્ષા જુદી-જુદી છે. દ્રવ્ય અને પર્યાય બંનેનું જોડકું સાથે જ હોય છે, બેમાંથી એક પણ નીકળી શકતાં નથી છતાં બંનેની અપેક્ષા જુદી છે. સાધનામાં બંને સાથે જ હોય છે. એક મુખ્યપણે હોય છે, એક ગૌણપણે હોય છે.

પ્રશ્ન :—બંને વાત તેણે પોતાના લક્ષમાં કેવી રીતે રાખવી જોઈએ ?

પૂજ્ય બહેનશ્રી :—બંને વાત લક્ષમાં રાખવી જોઈએ, પણ એક જ્ઞાયક મુખ્ય હોય છે. જીવે દ્રવ્યદૃષ્ટિ અનાદિથી કરી નથી દ્રવ્ય તે મુખ્ય છે, તો પણ પર્યાય સાથે હોય છે. દ્રવ્ય છે તે પર્યાય વગરનું હોતું નથી અને પર્યાયને દ્રવ્યનો આશ્રય છે, એવો દ્રવ્ય-પર્યાયનો સંબંધ છે. તેની દૃષ્ટિ અનાદિથી પર્યાય ઉપર છે તેને ફેરવીને, દ્રવ્યદૃષ્ટિને મુખ્ય કરવી. પર્યાય તેની સાથે ગૌણપણે હોય છે, કાંઈ નીકળી જતી નથી. માટે પર્યાય સાધનામાં સાથે હોય છે. બંને સાથે હોય તેમાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય છે અને સાધના પર્યાયમાં થાય છે.

---

વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## ✻ ધાર્મિક શિક્ષણવર્ગ ✻

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૧૮-૪-૨૦૧૭ બુધવારથી થી તા. ૨૮-૪-૨૦૧૭ શુક્રવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ દસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સૂચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક– શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

## બાળ વિભાગ

## શ્રાવકના કર્તવ્ય

એક જૈન નગરીમાં પદ્મનંદિ મુનિરાજ પધાર્યા. એક ગૃહસ્થે દર્શન કરી ભક્તિભાવથી પૂછ્યું—"હે સ્વામી ! હું તો વેપાર-ધંધા આદિ અનેક પ્રકારના ઘરેલું પાપકાર્યમાં પડ્યો છું. મારે મારા આત્માના હિત માટે શું કરવું જોઈએ ?"

ત્યારે પદ્મનંદિ મુનિરાજે જવાબ આપતા કહ્યું—"ભાઈ ! તને ખૂબ જ સરસ ભાવના જાગી છે, માટે તું સાંભળ ! તને આ મનુષ્ય જન્મ અને જૈન શ્રાવકકુળ મળ્યું છે, માટે સૌ પ્રથમ આત્માનું સાચું સ્વરૂપ સમજવું જોઈએ તથા જિનેન્દ્રદેવની પૂજા, ગુરુની ઉપાસના, શાસ્ત્ર સ્વાધ્યાય આદિ છ કાર્યો પ્રતિદિન કરવા જોઈએ."

ત્યારે શિષ્યે જિજ્ઞાસાથી પૂછ્યું—"હે પ્રભુ ! આત્મા સમજવા માટે મારે શું કરવું જોઈએ ?"

મુનિરાજે કહ્યું—"હે ભવ્ય ! જૈનધર્મના વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રના સ્વરૂપને સમજીને તેમના દ્વારા બતાવેલા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરો અને ધર્મની ભાવનાથી પોતાના પરિણામ સુધારો."

ગૃહસ્થે વિનયપૂર્વક ફરીથી પૂછ્યું—"હે સ્વામી ! ગૃહસ્થોએ પોતાના હિત માટે અને પાપકાર્યોથી બચવા માટે રોજના છ કાર્યો કરવાનું આપે કહ્યું તે છ કાર્યો ક્યા ક્યા છે ?"

પદ્મનંદિ સ્વામીએ કહ્યું :—

देवपूजा गुरुपास्ति स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां, षट्कर्माणि दिनै दिनै ॥

અર્થ :—૧. દેવ-પૂજા, ૨. ગુરુની ઉપાસના, ૩. શાસ્ત્ર-સ્વાધ્યાય, ૪. સંયમ, ૫. તપ અને ૬. દાન.—આ ગૃહસ્થ શ્રાવકે રોજ કરવા લાયક છ કર્તવ્ય છે.

**૧. દેવપૂજા**—પ્રથમ તો અરિહંત ભગવાનનું સ્વરૂપ સમજીને રોજ સવારે મન-વચન-કાયાની શુદ્ધતાપૂર્વક તેમનું દર્શન-પૂજન કરવું જોઈએ તથા તેમના સમાન પરમાત્મપદ પ્રાપ્ત કરવાની ભાવના કરવી જોઈએ.

**૨. ગુરુની ઉપાસના**—મોક્ષના સાધક મુનિરાજ તથા જ્ઞાની ધર્માત્માઓનું બહુમાન તથા વિનય કરવો જોઈએ. તેમનાથી ધર્મનો ઉપદેશ સાંભળવો જોઈએ. મુનિ આદિનો પ્રત્યક્ષ યોગ ન હોય તો ભાવથી તેમને યાદ કરી તેમનો મહિમા કરવો જોઈએ, તથા તેમના સમાન બનવાની ભાવના કરવી જોઈએ.

**૩. શાસ્ત્ર-સ્વાધ્યાય**—આત્માના સ્વરૂપને સમજવા માટે, સાથોસાથ જ્ઞાન-વૈરાગ્યની

વૃદ્ધિ માટે રોજ જિનવાણીનો સ્વાધ્યાય કરવો જોઈએ. શાંતચિત્તે શાસ્ત્રનો વિચાર કરવો જોઈએ, સાધર્મીઓની સાથે ધર્મચર્ચા કરવી જોઈએ. સવારે રોજ હાથમાં ન્યુઝપેપર ન લઈને જેમાં પરમાત્માનું સ્વરૂપ ભર્યું છે—એવા શાસ્ત્રોનો રોજ સવારે અભ્યાસ કરવો જોઈએ.

આમ કરવાથી આત્મામાં ધર્મના ઉત્તમ સંસ્કાર પડે છે.

વાહ ! દેવ-ગુરુ-શાસ્ત્રની ઉપાસના કરવાની આ સુંદર વાત સાંભળીને તે ગૃહસ્થ ખૂબ ખુશ થયો અને પ્રતિદિન તે ત્રણ કાર્યો કરવાનો તેણે નિશ્ચય કર્યો. તે રાત્રિભોજન કરતો ન હતો તથા બટેટા, રીંગણા, ફલાવર, જમીકંદ આદિ અભક્ષ્ય વસ્તુઓ તો કોઈ દિવસ ખાતો ન હતો. તેથી તેણે મુનિરાજને કહ્યું—

''હે સ્વામી ! આપશ્રીએ બતાવેલા દેવ-પૂજા, ગુરુની ઉપાસના તથા શાસ્ત્રસ્વાધ્યાય—આ ત્રણ કર્તવ્ય હું રોજ કરીશ. તથા બાકીના ત્રણ કાર્ય સંયમ, તપ અને દાનના સ્વરૂપને પણ આપ સમજાવવાની કૃપા કરો, તેનું પણ હું મારી શક્તિ અનુસાર પાલન કરીશ.

'વાહ, ધન્ય છો તમે !'—એમ કહીને શ્રી પદ્મનંદી મુનિરાજ બાકીના ત્રણ કાર્યોને સમજાવવા લાગ્યા—

**૪-૫. સંયમ અને તપ**—હે વત્સ ! વિષય-કષાયના પાપભાવોથી બચવા માટે બ્રહ્મચર્ય અને સંયમનું પાલન તથા ઉપવાસ, એકાસણું વગેરે બહિરંગ તથા પ્રાયશ્ચિત્તાદિ અંતરંગ તપને કરવું જોઈએ. આ પ્રકારે પોતાની શક્તિના અનુસાર સંયમ અને તપનો અભ્યાસ કરવો જોઈએ.

**૬. દાન**—મોહ-મમતા ઓછી કરવા માટે તથા ધર્મના પ્રતિ પ્રેમ વધારવા રોજ પોતાની શક્તિ અનુસાર દાન કરવું જોઈએ.

તે દાન ચાર પ્રકારનું છે—

(૧) મુનિરાજ તથા સાધર્મી બંધુઓને ભક્તિપૂર્વક ભોજન કરાવવું તે આહારદાન છે. રોજ ભોજન કરતી વખતે મુનિરાજનું સ્મરણ કરવું જોઈએ અને એ ભાવના કરવી જોઈએ કે 'મુનિરાજ પધારે તો પ્રથમ હું આહાર કરાવીશ પછી હું ભોજન કરીશ.' આ પ્રકારે સાધર્મીજનોને પ્રેમપૂર્વક બોલાવી ભોજન કરાવવું જોઈએ.

જેમ—રાજા શ્રેયાંસે મુનિરાજ ઋષભદેવને આહારદાન આપ્યું હતું, ચંદનાસતીએ મુનિરાજ મહાવીરને આહારદાન કર્યું હતું, તે જ પ્રકારે આપણે પણ ભાવના કરવી જોઈએ.

(૨) ધર્માત્માઓને વીતરાગી શાસ્ત્ર ભેટ આપવું, સાધર્મીઓને શાસ્ત્ર વાંચી સંભળાવવું, આત્મહિતની વાત સમજાવવી, સમ્યગ્જ્ઞાનનો પ્રચાર, પ્રસાર કરવો—આ જ્ઞાનદાન અથવા શાસ્ત્રદાન છે. બીજા બધા દાનોમાં આ દાન ઉત્તમ માનવામાં આવ્યું છે કેમકે જ્ઞાનથી જ જીવોનું કલ્યાણ થાય છે.

દાનની આ સરસ વાત સાંભળીને તે શ્રાવક ખુશ થયો અને દાનના બાકીના બે પ્રકાર જાણવા માટે ઉત્સુક બન્યો.

ત્યારે મુનિરાજ આગળ કહેવા લાગ્યા—

(૩) ત્રીજું ઔષધિદાન છે. મુનિ અથવા સાધર્મીજનોમાં રોગાદિ જોઈને શરીરથી પણ યોગ્ય સેવા કરવી અને યોગ્ય ઔષધિ આપીને રોગને દૂર કરવો ઔષધિદાન કહેવાય છે.

(૪) ચોથા પ્રકારનું દાન અભયદાન છે. પોતાના પરિણામોને નરમ રાખવા જોઈએ, જેના નિમિત્તથી કોઈ દુઃખી ન થાય. કોઈ સાધર્મી જીવ કોઈપણ પ્રકારથી ભયભીત હોય તો પ્રેમપૂર્વક તેનો ભય દૂર કરવો. પશુ-પક્ષીઓને પણ હિંસાથી બચાવી અભયદાન આપવું જોઈએ. જીવદયા વગર ધર્મ શોભા પામતો નથી. વીતરાગમાર્ગી શ્રાવકના જીવનમાં કરુણા હોવી જોઈએ.

આ પ્રકારે શ્રી પદ્મનંદી મુનિરાજે દાનના ચાર પ્રકાર સમજાવીને કહ્યું—"હે ભાઈ ! ધર્મથી પ્રેમ વધારી ધનની મમતા ઓછી કર ! વિષય-ભોગ, ખાવા-પીવામાં, લગ્નપ્રસંગ આદિ પાપકાર્યોમાં તૂ ધનનો ખર્ચ કરે છે તે જ પ્રકારે જિન પૂજન—ભક્તિ, શાસ્ત્ર, મંદિર આદિ કાર્યોમાં જેમ બને તેમ વધારે ધનનો ખર્ચ કરવો જોઈએ તે જ ઉત્તમ છે—એમ કરવાથી તારા પાપ ધોવાઈ જશે અને તારામાં વીતરાગી ધર્મના સંસ્કાર દૃઢ થશે."

વાહ ! શ્રાવકધર્મની રોજના છ કર્તવ્યોનો આ સુંદર ઉપદેશ સાંભળીને તે ગૃહસ્થ શ્રાવક ખૂબ જ પ્રસન્ન થયો અને સમ્યગ્દર્શનની ભાવનાપૂર્વક તે રોજ જિનદર્શન-પૂજન, ગુરુની સેવા, શાસ્ત્ર સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન—આ છ ઉત્તમ કાર્યો કરવા લાગ્યો. તેનું જીવન ખૂબ ઉંચું બન્યું, તેના પરિણામ વિશુદ્ધ થયા અને છેલ્લે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી, બીજી કષાય ચોકડી (અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા તથા લોભ)નો અભાવ કરી વ્રતી શ્રાવક બન્યો. ધન્ય છે ! તે મોક્ષમાર્ગી શ્રાવકને....

**શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા**

**પૂજ્ય ગુરુદેવશ્રીના ૮૩ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ**

તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૮૩મા વર્ષનો મંગલ ઉત્સવ શ્રી હીરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી પરિવાર, હ. બ્ર. જશીબેન દામાણી, સોનગઢ દ્વારા સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ–૧૩ રવિવાર તા. ૯–૪–૨૦૧૭ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : શ્રી સમયસાર ઉપર સોળમી વારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

### સમ્યક્ત્વ જયંતી મંગલ પત્રિકા લેખનવિધિ સાનંદ સંપન્ન

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનનો આગામી ૮૫મો સમ્યક્ત્વ જયંતી મહોત્સવ કે જે સુરત દિગંબર જૈન મુમુક્ષુ મંડળ દ્વારા ભક્તિભાવથી ઊજવવામાં આવનાર છે તેની આમંત્રણ પત્રિકાની લેખનવિધિ માઘ વદ-૨, તા. ૧૨-૨-૨૦૧૭, રવિવારના રોજ સાનંદ સંપન્ન થઈ. સવારે જિનેન્દ્ર પૂજા બાદ સર્વે મુમુક્ષુ ભાઈઓ-બહેનો શ્રી સુબોધભાઈ મનમોહનદાસ ગાંધીના નિવાસસ્થાન કહાનનગરમાં ગયા હતા ત્યાં ભક્તિ બાદ પત્રિકાને વાજતે-ગાજતે સ્વાધ્યાયમંદિરમાં લાવવામાં આવી. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનબાદ પત્રિકાનું વાંચન સુરત દિગંબર જૈન મુમુક્ષુ મંડળ વતી શ્રી દીપકભાઈ શેઠ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ પત્રિકા લેખનવિધિ ભક્તિમય વાતવરણમાં સંપન્ન થઈ.

### માનસ્તંભનો ૬૫મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ

ચૈત્ર સુદ ૧૦ તા. ૬-૪-૨૦૧૭, ગુરુવારના રોજ સોનગઢ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠાનો ૬૫મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ મનાવવામાં આવશે.

### જાતિસ્મરણ વાર્ષિક દિન

ચૈત્ર વદ-૮, તા. ૧૯-૪-૨૦૧૭, બુધવારના દિને પૂજ્ય બહેનશ્રી જાતિસ્મરણજ્ઞાનનો વાર્ષિક દિવસ છે. આ પ્રસંગ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

**આવશ્યકતા છે**

આપણી સંસ્થામાં શ્રી બાહુબલી જંબૂદ્વીપ જિનાયતનોનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. વિવિધ કામ માટે એક ભાઈની જરૂરિયાત છે. સંસ્થાકીય કામના જાણકાર, ઉત્સાહી, વહીવટી કામકાજ સંભાળી શકે તેવા ભાઈએ પોતાની અરજી નીચેના એડ્રેસ ઉપર મોકલવી.

— ટ્રસ્ટી —

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)

## (૪૪)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

પ્રશ્ન-૧૫ : સિદ્ધને કર્મનો ઉદય આવે તો અવતાર લ્યે કે નહિ ?

ઉત્તર : સિદ્ધને કદાપિ કર્મનો ઉદય આવે નહિ અને તેમને કદી પણ અવતાર હોય નહિ, એ તો જન્મ-મરણ રહિત થયા છે.

પ્રશ્ન-૧૬ : સમ્યગ્દર્શન છે તે પુણ્ય છે કે ગુણ છે ?

ઉત્તર : સમ્યગ્દર્શન તે પુણ્ય નથી પણ ધર્મ છે, અને તે ગુણ નથી. પણ શ્રદ્ધા ગુણની પર્યાય છે.

પ્રશ્ન-૧૭ : જ્યારે આત્માનો મોક્ષ થાય ત્યારે કેવો આકાર હોય ?

ઉત્તર : લગભગ છેલ્લા શરીર જેવો (કાંઈક ઓછો) આકાર હોય છે.

પ્રશ્ન-૧૮ : જગતમાં દ્રવ્ય કેટલાં (જાતિ અપેક્ષાએ) ? તેમાં સૌથી મોટું દ્રવ્ય ક્યું ? સૌથી મહત્તાવાળું ક્યું ? અને સૌથી નાનું ક્યું ?

ઉત્તર : જગતમાં છ દ્રવ્ય છે, આકાશદ્રવ્ય સૌથી મોટું દ્રવ્ય છે, જીવદ્રવ્ય સૌથી મહત્તાવાળું છે, કેમકે તે જ બધા દ્રવ્યોને જાણનાર છે, પુદ્ગલ પરમાણુ તથા કાલાણુ એ સૌથી નાના છે.

પ્રશ્ન-૧૯ : હળવો સ્પર્શ તે અનુજીવી ગુણ કે પ્રતિજીવી ?

ઉત્તર : હળવો સ્પર્શ તે ગુણ નથી, પર્યાય છે. પુદ્ગલ દ્રવ્યના સ્પર્શ નામના અનુજીવી ગુણની તે પર્યાય છે.

પ્રશ્ન-૨૦ : સૂક્ષ્મત્વ એટલે શું ? 'સૂક્ષ્મત્વ તે આત્માનો અનુજીવી ગુણ છે' એ વાક્ય બરાબર છે ?

ઉત્તર : સૂક્ષ્મત્વ એટલે ઇન્દ્રિયોના વિષયરૂપ સ્થૂલતાનો અભાવ, સૂક્ષ્મત્વ તે આત્માનો અનુજીવી ગુણ નથી પણ પ્રતિજીવી ગુણ છે.

પ્રશ્ન-૨૧ : કાળદ્રવ્ય કોને કહે છે ?

ઉત્તર : વસ્તુઓના પરિણમનમાં જે નિમિત્ત થાય તેને કાળદ્રવ્ય કહેવાય છે. સમય, મિનિટ, કલાક વગેરે તેની પર્યાય છે.

પ્રશ્ન-૨૨ : ચંદ્ર ઉગ્યો, સૂર્ય આથમ્યો—તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ કઈ રીતે છે તે ગોઠવો ?

ઉત્તર : ચંદ્ર અને સૂર્ય બંને જુદી જુદી વસ્તુ છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક જ વસ્તુમાં હોય છે, બે જુદી વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લાગુ પડી શકે નહિ.

પ્રશ્ન-૨૩ : જીવ દ્રવ્યમાં બે અગુરુલઘુત્વગુણો છે, તે સામાન્ય છે કે વિશેષ ? અને અનુજીવી છે કે પ્રતિજીવી ?

ઉત્તર : જીવ દ્રવ્યમાં એક અગુરુલઘુત્વગુણ સામાન્ય છે અને એક વિશેષ છે, તેમાંથી જે સામાન્ય છે તે અનુજીવી છે અને વિશેષ છે તે પ્રતિજીવી છે.

પ્રશ્ન-૨૪ : ધર્માસ્તિકાય અહીંથી જિનમંદિર સુધી જાય તો તેમાં તેને ક્યું દ્રવ્ય નિમિત્ત થાય ?

ઉત્તર : ધર્માસ્તિકાય દ્રવ્ય સ્થિર છે, તે ગતિ કરતું જ નથી, પણ ગતિ કરનારા બીજાને નિમિત્ત થવારૂપે તે પરિણમે છે.

પ્રશ્ન-૨૫ : નિગોદને સ્થાવર જીવ કહી શકાય કે નહિ ? અને સ્થાવર જીવને નિગોદ કહી શકાય કે નહિ ?

ઉત્તર : નિગોદને સ્થાવર જીવ કહી શકાય છે પણ બધા સ્થાવરને નિગોદ કહી શકાતા નથી. નિગોદ સિવાય બીજા સ્થાવર પણ છે.

પ્રશ્ન-૨૬ : અસ્તિકાય કેટલા છે ? કેટલા નથી ?

ઉત્તર : કાળ સિવાયના પાંચ દ્રવ્યો અસ્તિકાય છે, કાળ દ્રવ્ય અસ્તિકાય નથી, એક પુદ્‌ગલ પરમાણુ પણ અસ્તિકાય નથી. પરંતુ તેનામાં સ્કંધરૂપ થવાની શક્તિ હોવાથી તે અસ્તિકાયમાં ગણાય છે.

પ્રશ્ન-૨૭ : અસ્તિકાય તે દ્રવ્ય, ગુણ કે પર્યાય છે ?

ઉત્તર : અસ્તિકાય તે અનેક પ્રદેશવાળું દ્રવ્ય છે. જે દ્રવ્ય અનેક પ્રદેશવાળું હોય તેને અસ્તિકાય કહેવાય છે.

પ્રશ્ન-૨૮ : વેદનીયકર્મના નાશથી ક્યો ગુણ પ્રગટે છે ? તે અનુજીવી છે કે પ્રતિજીવી ?

ઉત્તર : અવ્યાબાધ ગુણ પ્રગટે છે, તે પ્રતિજીવી ગુણ છે.

પ્રશ્ન-૨૯ : અભવ્યત્વ તે અનુજીવી છે કે પ્રતિજીવી ?

ઉત્તર : અભવ્યત્વ તે અનુજીવી છે, કેમકે તે કોઈ પરના અભાવની અપેક્ષા રાખતું નથી.

પ્રશ્ન-૩૦ : કોઈ ત્યાગી હોય પણ મિથ્યાદૃષ્ટિ હોય તેને વધારે પાપ કે લડાઈમાં ઉભેલા સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને વધારે પાપ ?

ઉત્તર : મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વનું અનંત પાપ ક્ષણે ક્ષણે લાગે છે અને સમ્યગ્દૃષ્ટિને લડાઈ વખતે પણ તે અનંત પાપ તો ટળી જ ગયું છે તેથી તે બેમાંથી મિથ્યાદૃષ્ટિને જ વધારે પાપ છે. મિથ્યાદૃષ્ટિને સાચું મુનિપણું હોય નહિ.

હે જીવ ! ત્રણ લોકમાં સૌથી ઉત્તમ મહિમાવંત પોતાનો આત્મા છે. તેને તું ઉપાદેય જાણ, એ મહાસુંદર ને સુખરૂપ છે. જગતમાં સર્વોત્કૃષ્ટ એવા આત્માને તું સ્વાનુભવગમ્ય કર. તારો આત્મા જ તને આનંદરૂપ છે, કોઈ પરવસ્તુ તને આનંદરૂપ નથી. આત્માનો આનંદ જેણે અનુભવ્યો છે તે ધર્માત્માનું ચિત્ત બીજે ક્યાંય ઠરતું નથી, ફરી ફરીને આત્મા તરફ જ વળે છે. આત્માનું અસ્તિત્વ જેમાં નથી, આત્માનું જીવન જેમાં નથી એવા પર દ્રવ્યોમાં ધર્મીનું ચિત્ત કેમ ચોંટે ? આનંદનો સમુદ્ર જ્યાં દેખ્યો છે ત્યાં જ તેનું ચિત્ત ચોંટ્યું છે.

# (૪૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો)

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) જગતમાં ચેતન દ્રવ્ય .......... અને બાકીના પાંચ ................ દ્રવ્ય છે.

(૨) જગતમાં એક ............. દ્રવ્ય મૂર્ત અને બાકીના પાંચ ........... દ્રવ્ય છે.

(૩) આત્માને ................. વડે જાણી શકાય છે.

(૪) ............. અને ............... નું ભેદજ્ઞાન કરે તો વીતરાગ થવાય.

(૫) અરિહંતના ................ ને ઓળખે તો ............... છૂટે.

(૬) અજ્ઞાની જીવ ................. અને ............... માં અહંપણું કરી દુઃખી છે.

(૭) આત્મા સદા ............... વડે જીવે છે.

(૮) ઉપયોગ સ્વરૂપ ................. ને ઓળખે ત્યારે અરિહંત અને સિદ્ધની સાચી ઓળખાણ થાય.

(૯) ............ ને છોડીને .............. કરે તો સાચા સામાયિક પ્રતિક્રમણ થાય.

(૧૦) જગતમાં ............... ના .............. પદની વિભૂતિ ઉત્કૃષ્ટ છે.

(૧૧) ચૈતન્યમય ................... તે જીવનું નિજઘર છે.

(૧૨) ................ અને ............... તે જીવનું પરઘર છે.

(૧૩) ............. રૂપી મુગુટ અને ................રૂપી હાર વડે આત્મા શોભે છે.

(૧૪) ............ અને ........... નું ભેદજ્ઞાન કરે તે સાચો જૈન છે.

(૧૫) જડનો કર્તા .............. હોય ............... ન હોય.

(૧૬) જીવ અને શરીર વચ્ચે ................. અભાવ છે.

(૧૭) અવિનાશી ................... દ્રવ્યને ઓળખે તો મરણનો ભય ન રહે.

(૧૮) હું ................ છું, ................ હું નથી.

(૧૯) આત્મા પોતાના ................ ભાવથી જ જીવે છે.

(૨૦) દેહ અને .............. ને ............. લક્ષણથી ઓળખે તો જુદો દેખાય.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન ફેબ્રુઆરી–૨૦૧૭ના ઉત્તર

(૧) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર
(૨) અજ્ઞાનથી
(૩) મિથ્યાત્વ
(૪) સમ્યક્ત્વ
(૫) ઉંધા
(૬) સ્વરૂપ
(૭) એકેન્દ્રિયપણામાં
(૮) મિથ્યાત્વાદિ
(૯) જ્ઞાન સ્વરૂપ જડ
(૧૦) જીવ જડ
(૧૧) અતીન્દ્રિય આનંદ
(૧૨) સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર
(૧૩) આત્મા વિપરીત
(૧૪) કુદેવ કુગુરુ કુધર્મ
(૧૫) મિથ્યાત્વ સમ્યક્ત્વ
(૧૬) સાત
(૧૭) શુદ્ધ જીવ
(૧૮) આસ્રવ બંધ સંવર નિર્જરા મોક્ષ
(૧૯) પર સ્વ
(૨૦) ઉપયોગ


આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

**ફોર્મ નં. ૪, નિયમ નં. ૮**

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખભાઈ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખભાઈ પોપટલાલ વોરા
અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૧૭

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત

**શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલા મંડળ**

**આનંદોલ્લાસ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે**

## અધ્યાત્મમાર્ગપ્રકાશક, જ્ઞાયકયુગપ્રવર્તક, સ્વાનુભવવિભૂષિત પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૮મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૮મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલા મંડળ દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૮મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૪-૪-૨૦૧૭, સોમવારથી તા. ૨૮-૪-૨૦૧૭, શુક્રવાર—પાંચ દિવસીય 'શ્રી પંચકલ્યાણક પૂજન વિધાન' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રવાંચન, ધાર્મિક શિક્ષણ વર્ગ તથા ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે. તે સાથે સુવર્ણપુરીના ભવ્ય જિનાલયોના દર્શન-પૂજનનો લાભ તથા નિર્માણાધીન જંબૂદ્વીપ તથા બાહુબલીજીના દર્શનનો પણ લાભ મળશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૨૨-૦૩-૨૦૧૭, બુધવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

નિમંત્રક

શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલા મંડળ

પ્રમુખ

શ્રી પ્રવીણાબેન કાંતિલાલ કામદાર, ચેન્નઈ—શ્રી શારદાબેન શાંતિલાલ શાહ, મુંબઈના

જય-જિનેન્દ્ર

આત્મધર્મ
માર્ચ-૨૦૧૭
અંક-૭ ● વર્ષ-૧૧

Posted at Songadh PO
Publish on 1-3-2017
Posted on 1-3-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org